Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:220 Dt.29-06-2021 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

### રાજકોટ મનપાના કોન્ફરન્સ હોલમાં ગણવેશ વિતરણ કાર્યક્રમમાં જોવા મળ્યા સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

# આ બાળકોને કંઇ થશે તો જવાબદાર કોણ??







મનપાનાં ગણવેશ વિતરણનાં કાર્યક્રમમાં બાળકો મોબાઈલ હવાલે

### સસ્તી પ્રસિદ્ધીની લ્હાયમાં બાળકોના જીવ જોખમમાં મૂકયા.

ત્યારે જયાં સુધી રાજકીય પક્ષો ખુદ પોતાની અને લોકોની ચિંતા નહિ કરે અને આ જ પ્રકારે નિયમોનું ઉલ્લંઘન કરતા રહેશે તો કોરોનાની ત્રીજી લહેરમાં પરિસ્થિતિ બીજી લહેર કરતા ઘાતક બને તો નકારી શકાય તેમ નથી તેવી લોકોમાં ચર્ચા ઉઠી છે.



### કાર્યક્રમમાં અમુક નેતાઓ માસ્ક વગર જોવા મળ્યા

કાર્યક્રમમાં બાળકોને માસ્ક ફરજીયાત પહેરવા જોઇએ એવી સમજણ પણ હોતી નથી. આથી અમુક બાળકોએ માસ્ક પહેર્યા નહોતા તો અમુક બાળકો માસ્ક સાથે રમી રહ્યા હતા. હજુ સ્કૂલો ક્યારે ખુલશે તે નક્કી નથી અને ગણવેશ વિતરણના આવા તાયફા યોજી ત્રીજી લહેરને આમંત્રણ આપી રહ્યું હોવાની ચર્ચા લોકોમાં ઉઠી છે. આવા તાયફા કરવાથી ત્રીજી લહેર જોખમી સાબિત થાય તો નવાઈ નહીં.

### બાળકોને ૨ જોડી યુનિફોર્મ આપવામાં આવ્યા

રાજકોટ મનપા દ્વારા આંગણવાડીના બાળકોને બે જોડી યુનિફોર્મ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મહિલાઓ અને બાળકોને એકત્રિત કરી ત્રીજી લહેરને આમંત્રણ આપતા દ્રશ્યો જોવા મળ્યા હતા. ૩થી ૬ વર્ષના ૯૩૦૫ બાળકોને બે જોડી યુનિફોર્મ આપવામાં આવી રહ્યા છે. રાજકોટના ઇસ્ટ ઝોનમાં ૩૩૦૧, વેસ્ટ ઝોનમાં ૨૯૪૮ અને સેન્ટ્રલ ઝોનમાં ૩૦૫૬ બાળકોને યુનિફોર્મ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

### ૧૨ અનાથ દીકરીના સમૂહ લગ્નમાં જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો હતો

૯ દિવસ પહેલા જ રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન સામે આવેલા શણગાર હોલમાં ૧૨ અનાથ દીકરીના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં લગભગ ૪૦૦ જેટલા લોકો એકત્રિત થયા હતા. આ દરમિયાન લોકો ખુદ કોવિડ ગાઇડલાઇનનું ઉલ્લંઘન કરી કોરોનાને નિમંત્રણ આપતા નજરે પડતા પોલીસ દોડી આવી હતી અને આયોજક અને હોલ સંચાલકની અટકાયત કરી જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

## સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા, ૨ જોડી યુનિફોર્મ આપ્યાઃ ભૂલકાના જીવ જોખમમાં મૂકી મનપા સાબિત શું કરવા માગે છે તેવો લોકોમાં સવાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજયભરમાં આંગણવાડીનાં ૧૪ લાખથી વધુ બાળકોનો ગણવેશ વિતરણનાં કાર્યક્રમ આજથી શરુ થયો હતો. રાજકોટ મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ હોલ ખાતે પણ આ કાર્યક્રમનું ડિજીટલ માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું.કોરોનાની બીજી લહેર ધીમી પડી ગઈ છે. ડોક્ટરો દ્વારા ત્રીજી લહેરની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે સરકાર દ્વારા કોરોનાની ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. જેમાં કોઇ પણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમનો ભંગ થાય તો તેની વિરૂદ્ધ કાયદાનો દંડો ઉગામી જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવે છે.

ત્યારે રાજકોટમાં તો સરેઆમ નેતાઓ ગાઈડલાઈનનો ઉલાળિયો કરતા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. ૨ જોડી યુનિફોર્મ વિતરણનો કાર્યક્રમ યોજયો. જેમાં ૧૦૦થી વધુ લોકોને ભૂલકા સાથે ભેગા કરી સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા કર્યા. આ રીતે ભૂલકાના જીવ જોખમમાં મૂકી મનપા સાબિત શું કરવા માગે છે તેવો સવાલ લોકોમાં ઉઠ્યો છે.રાજય સરકાર દ્વારા આંગણવાડીનાં બાળકોને ગણવેશ વિતરણ કરવાનો કાર્યક્રમ ખરેખર પ્રશંસનીય છે. તેના દ્વારા જરૂરતમંદ બાળકો સુધી પહેરવાના કપડા પહોંચશે. સાથે-સાથે સામાજિક એકરૂપતાનો પણ સંદેશ જશે. પરંતુ રાજય સરકાર દ્વારા આયોજિત

(અનુ.પાના નં.૪ ઉપર)

## પેટ્રોલ - ડિઝલના ભાવમાં વધારો, પેટ્રોલમાં ૨૯ પૈસા તો ડિઝલમાં ૨૪ પૈસા વધ્યા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૨૯

એક દિવસની સ્થિરતા બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં આજે ફરી વધારો જોવા મળ્યો છે. સરકારી ઓઇલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં આજે ૨૯ પૈસાનો વધારો કર્યો છે અને ડીઝલની કિંમતમાં ૨૪ પૈસા પ્રતિ લીટરનો વધારો જોવા મળ્યો છે. આ વધારા બાદ રાજધાની દિલ્હીમાં ૧ લીટર પેટ્રોલની કિંમત ૯૮.૮૧ રૂપિયા અને ડીઝલ ૮૯.૯૧ રૂપિયા પ્રતિ લીટર છે.

દિલ્હી- પેટ્રોલ ૯૮.૮૧ રૂપિયા અને ડીઝલ ૮૯.૯૧ રૂપિયા પ્રતિ લીટર છે. મુંબઈ- પેટ્રોલ ૧૦૪.૯૦ રૂપિયા અને ડીઝલ ૯૬.૭૨ રૂપિયા પ્રતિ લીટર છે. ચેન્નઈ- પેટ્રોલ ૯૯.૮૦ રૂપિયા અને ડીઝલ ૯૩.૭૨ રૂપિયા પ્રતિ લીટર છે. કોલકાતા- પેટ્રોલ ૯૮.૬૪ રૂપિયા અને ડીઝલ ૯૨.૦૩ રૂપિયા પ્રતિ લીટર છે. જયપુર- પેટ્રોલ ૧૦૫.૫૪ રૂપિયા અને ડીઝલ ૯૮.૨૯ રૂપિયા પ્રતિ લીટર છે.

## ચારધામ યાત્રા પર ઉત્તરાખંડ હાઈકોર્ટે રોક લગાવી

### લીવ સ્ટ્રિમિંગનો આદેશ, રાજ્ય સરકારે યાત્રા શરૂ કરવા માટે મોટા પાયે વેક્સિનેશનની કામગીરી પણ હાથ ધરી

(એજન્સી સમાચાર)

દહેરાદૂન, તા.૨૯

ઉત્તરાખંડ હાઈકોર્ટે સીમિત સંખ્યા સાથે તીર્થ યાત્રીઓને ચાર ધામની યાત્રાને મુંજરી આપતા કેબિનેટ નિર્ણય પર રોક લગાવી દીધી છે. કોર્ટે ચાર ધામ તીર્થ સ્થળોનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી આગામી ૭ જુલાઈએ થશે. બે દિવસ અગાઉ પણ હાઈકોર્ટે ઉત્તરાખંડ સરકારના નિર્ણયને લઈને ફિટકાર લગાવી હતી.

રાજ્ય સરકારે ૧ જુલાઈથી ત્રણ જીલ્લા માટે ચાર ધામ યાત્રા શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. રાજ્ય કેબિનેટે ચમોલી જીલ્લાના લોકો માટે બદ્રીનાથ, રૂદ્રપ્રયાગના નિવાસીઓ માટે કેદારનાથ ધામ અને ઉત્તરકાશીના લોકો માટે ગંગોત્રી, યમનૌત્રીના દર્શન માટે મંજુરી આપી હતી. જેને લઈને મોટા પાયે વેકસીનેશન અભિયાન પણ ચાલી રહ્યું છે.

વેકસીનેશનની સ્પીડને વધારવા માટે ચમોલી ૫૦૦૦, ઉત્તરકાશી ૧૦૦૦૦, રૂદ્રપ્રયાગ ૫૦૦૦, ટિહરી ૫૦૦૦ અને પૌડી જનપદને ૫૦૦૦ ડોઝ ચાર ધામ સંબંધિત વ્યક્તિઓના વેકસીનેશન માટે ઉપલબ્ધ કરાવવાં આવી હતી.

કોરોનાની ત્રીજી લહેરની આશંકાને લઈને હાઈકોર્ટે રાજ્ય સરકારની ૧ જુલાઈથી ચાર ધામ યાત્રાની મંજુરીને લઈને ફિટકાર લગાવી હતી. ઉત્તરાખંડ હાઈકોર્ટે આ નિર્ણયની સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે અમરનાથ યાત્રાનો હવાલો આપતા કહ્યું હતું કે, યાત્રાને સ્થગિત કે રદ્દ કરવાની જરૂર છે.

૨૦ જૂને રાજ્ય સરકારે બે તબક્કામાં ચાર ધામ યાત્રા શરૂ કરવાની જાહેરાત કરી હતી. ૧ જુલાઈથી ઉત્તરાખંડના ચમોલી, રૂદ્રપ્રયાગ અને ઉત્તરકાશીના લોકોને યાત્રા માટે મંજુરી આપી હતી. રાજ્યના બાકીના ભાગના લોકો માટે ૧૧ જુલાઈથી ચાર મંદિરની યાત્રા કરવાને મંજુરી આપવાની યોજના હતા.

## અતિ આધુનિક અગ્નિ-પી મિસાઈલનું સફળ પરીક્ષણ



(એજન્સી સમાચાર)

ભૂવનેશ્વર, તા.૨૯

ડીઆરડીઓએ પરમાણુ ક્ષમતાથી લેસ આગામી પેઢીની મિસાઈલ અગ્નિ-પીનું સફળ પરીક્ષણ કર્યું છે. ડીઆરડીઓએ અગ્નિ મિસાઈલનું સફળ પરીક્ષણ ઓડિશાના બાલાસોરમાં ડોક્ટર એપીજે અબ્દુલ કલામ દ્વિપમાં સવારે ૧૦ વાગ્યેને ૫૫ મિનિટ પર કર્યું.

ડીઆરડીઓના અધિકારીએ જણાવ્યું કે, તેમના દ્વારા આ મિસાઈલ વિકસિત કરવામાં આવી છે. અગ્નિ પ્રાઈમ મિસાઈલને ૪,૦૦૦ કિમીની રેન્જ ધરાવતી અગ્નિ-૪ અને ૫,૦૦૦ કિમીની અગ્નિ-૫ મિસાઈલમાં વપરાતી અત્યાધુનિક ટેક્નોલોજી ભેગી કરીને તૈયાર કરવામાં આવી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## અમદાવાદમાં મોડી રાત્રે બે કારની રેસમાં ફૂટપાથ પર સૂતેલા લોકો પર કાર ફરી વળીઃ ૧નું મોત, ૪ ગંભીર

### મહિલાનો જીવ લેનાર કાર અને પરિવારના અન્ય સભ્યોના હૈયાફાટ રૂદનની તસવીર



અમદાવાદ, તા.૨૯

અમદાવાદના શિવરંજની ચાર રસ્તા પાસે ગઈકાલે મોડી રાત્રે એક કાર ફૂટપાથ પર સૂતેલા લોકો પર ફરી વળી હતી, જેમાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા છે. અકસ્માત બાદ કારચાલક સહિત અન્ય ૪ લોકો પણ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. જ્યારે ઘટનાની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલમાં અકસ્માત કરનારાને શોધવા માટે પોલીસે તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદમાં શિવરંજની ચાર રસ્તા પાસે આવેલા બીમાનગર નજીક ફૂટપાથ પર સોમવારે મોડી રાત્રે લોકો સૂઈ રહ્યા હતા. વરસાદથી બચવા પ્રયાસ કરી રહેલાઓને જરા પણ ખબર ન હતી કે તેમની સાથે થોડીવારમાં શું બનવા જઇ રહ્યું છે. મોડી રાત્રે કાળ બનીને આવેલી i20 કાર આ લોકો પર ફરી વળી હતી. માસૂમ લોકો હાલ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. અન્ય લોકો માટે જમવાનું બનાવી રહેલી સંતુબેન નામની એક મહિલાને કારે કચડી મારતાં તેમનું મોત નીપજ્યું છે, જ્યારે ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સૂત્રોનું માનીએ તો કારમાં એ સમયે ચાર લોકો બેઠા હતા, જ્યારે બીજી એક કાર પણ ત્યાંથી પસાર થઇ રહી હતી. એવું જાણવા મળ્યું છે કે બંને કાર વચ્ચે રેસ લાગી હતી. એ સમય એક કાર ફૂટપાથ પર ફરી વળી અને ત્યાં સૂતેલા લોકો હાલ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. સમગ્ર બનાવમાં મોડી રાત્રે ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસકાફલો બનાવના સ્થળે પહોંચી ગયો હતો. આ બનાવમાં સામેલ માલેતુજાર કોણ હતા તેમને શોધવા પોલીસ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે.

### જમ્મુના સુંજવાનમાં ઊડતું દેખાયું ડ્રોન, ત્રણ દિવસમાં ત્રીજી ઘટના; ઈન્ટેલિજન્સ એજન્સીઓ અલર્ટ



## રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા

### અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદની આગાહી



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત દીવ-દમણ, દાદરાનગર હવેલીનાં કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદની આગાહી છે.

રાજ્યનાં અન્ય જિલ્લાઓમાં જો કે વરસાદની શક્યતા નહી હોવાનું પણ હવામાન વિભાગે જણાવ્યું છે. અમદાવાદમાં પણ હળવો વરસાદ થાય તેવી શક્યતા છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.

# તનવી રાજાણીનો જન્મદિવસ



રાજકોટ : કેતનભાઈ રાજાણીના સુપુત્રી તનવીબેન રાજાણી આજે તમેના યશસ્વી જીવનના ૨૦ વર્ષ પૂર્ણ કરીને ૨૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે રાજકીય અગ્રણીઓ, મિત્ર વર્તુળ તેમજ વિવિધ સંસ્થાઓ તરફથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે. જયારે કોરોના ની બીજી લહેર ચાલી રહી હતી એ દરમિયાન ઓક્સિજન અને તેને લગતા મેડિકલ સાધનોની અછત સર્જાઈ રહી હતી ત્યારે તનવીબેન એ લોકોની મદદ કરી હતી અને માનવતા દાખવી હતી. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી ખુબ-ખુબ શુભકામનાઓ...


સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant

SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## તંત્રી સ્થાનેથી...

### દુનિયાના સૌથી મોટા પરોપકારી દાતા ભારતનાઃ શિક્ષણ– સ્વાસ્થ્ય ક્ષેત્રને પ્રાથમિકતા

દેશમાં ૨૦૨૦ માં કોરોના ની પ્રથમ લહેર ત્રાટકી ત્યારે કોરોના કાળમા દેશ ભરમાં એક ગામમાં મેદાનમાં આવી ગયા હતા અનેક ભામાશાઓ મદદ કરવા મેદાનમાં આવી ગયા હતા જેઓએ ખાવા પીવાનુ આપવું,અનાજ કિક આપવી, વતન પહોંચાડવા માટે સહાય કરવી, ઓકિસજન સિલિન્ડર આપવા, દવા ઇન્જેક્શન માટેની સહાય, દર્દીને હોસ્પિટલ વાહન દ્વારા પહોંચાડવા,મૃતકોને સ્મશાન ગૃહ પહોંચાડવા,ઘેર ઘેર ટિફીન પહોંચાડવા સહિત અનેક પ્રકારની સહાય કરી હતી. જ્યારે ૨૦૨૧માં બીજી કોરોના મહામારી ત્રાટકી ત્યારે ભામાશાઓ ઓછા થઈ ગયાનુ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. પરંતુ દેશમાં સૌથી મોટા દાનવીર જો કોઈ પેદા થયા હોય તો તે છે પારસી પરિવારના જમશેદજી ટાટા અને તેમના વારસદારો કે જેઓ દાન આપવામાં કદાપી પાછળ રહ્યા નથી. ગત વર્ષે કોરોના સામે લડવા ભારતીય બિઝનેસ પરિવારોમાં ટાટા સમુહે રૂપિયા ૧૫૦૦ કરોડનું દાન કર્યું હતું. જે સૌથી મોટી રકમ હતી. જ્યારે કે ભારતીય દાતાઓમાં વિપ્રોના પૂર્વ ચેરમેન અઝીમ પ્રેમજીએ પણ પરોપકારી કાર્યો માટે અંદાજે ૨૨ અબજ અમેરિકી ડોલર આપ્યા છે.અજીજ પ્રેમજી બીજા ભારતીય દાનવીર છે. તેમણે ૨૦૧૦ માં ગિવિગ પ્લેજ પર સાઇન કરી ત્યારથી તેઓ વિપ્રોની કમાણીના ૬૭ ટકા આજીજી પ્રેમજી ફાઉન્ડેશનમાં ટ્રાન્સફર કરે છે. આ ફાઉન્ડેશન ગ્રામ્ય વિસ્તારોમાં શાળાકીય શિક્ષણ અનુસંધાને કામ કરે છે જેની બધી મળીને કિંમત ૧.૫ લાખ કરોડ છે. કોવિડ ૧૯ સામે લડવા આજીજી પ્રેમજી ફાઉન્ડેશન અને વિપ્રોએ મળીને રૂપિયા ૧૦૦૦ કરોડનું દાન કર્યું હતું. વિશ્વના ૫૦ દાન આપનાર દાતાઓ મળીને વર્ષેદહાડે રૂપિયા ૨.૨ લાખ કરોડનું દાન કરે છે. મેકિન્ઝી સ્કોટ દર વર્ષે ૧૩ હજાર કરોડનું સૌથી વધુ દાન કરે છે. કોવિડ૧૯ માટે દાન કરનારાઓમાં ફોર્ડ ફાઉન્ડેશન ૭.૪ હજાર કરોડનું દાન કરી પ્રથમ નંબરે છે. ત્યારબાદ ડબલ્યુ કે કેલોગ ફાઉન્ડેશન, એ ડબલ્યુ મેલોન ફાઉન્ડેશન સામેલ છે. જ્યારે કે ભારતમાં ટાટાએ રૂપિયા ૧૫૦૦ કરોડ કોરોના સામે લડવા દાન કરેલ!

આ તમામ બાબતોમાં નોંધનિય બાબત એ છે કે ટાટા સમૂહના સંસ્થાપક જમશેદજી ટાટા માત્ર દેશમાં જ નહીં પરંતુ દુનિયાના સૌથી મોટા પરોપકારી દાતા રહ્યા છે. વિશ્વના કોઈપણ દેશના પરોપકારી કરતા જમશેદજી ટાટા સૌથી પ્રથમ ક્રમે છે. જેની વિગતો હારૂન રિસર્ચ અને એડલ એડેલગિવ ફાઉન્ડેશને જાહેર કરેલ રિપોર્ટમા બહાર આવી છે. અગત્યની બાબત એ છે કે જમશેદજી ટાટા મીઠાથી માંડી સોટવેર સુધી બનાવનારા કારોબારી સમૂહના સંસ્થાપક હતા. તેઓએ ભારતના ઉદ્યોગના જનક કહે છે. નવસારીમાં ૧૮૩૯ માં જન્મેલા જમશેદજીનું નિધન ૧૯૦૪ માં થયું હતું. તેઓએ મુખ્યત્વે શિક્ષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં દાન કર્યું છે. તેઓએ ઉચ્ચ શિક્ષણ અને માટે જે એન ટાટા એન્ડોવમેન્ટની સ્થાપના કરી અને આ સંસ્થાજ ટાટા ટ્રસ્ટનો પાયો બની. ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ જમશેદજી ટાટા એક સદીમાં નકશો ૧૦૨.૪ અબજ અમેરિકી ડોલર દાન કરીને દુનિયાના સૌથી મોટા દાનવીર તરીકે ઉભરી આવેલ. દુનિયાના ટોપ ટેન દાનવીરોની યાદીમાં એકમાત્ર ભારતીય તરીકે જમશેદજી ટાટા સામેલ છે. જ્યારે કે તેમના વારસાને સંભાળનાર રત્ન ટાટા પણ દાન આપવાના મામલે પાછળ રહ્યા નથી અને એટલા માટે જ ભારત વસુધૈવ કુટુંબકમની ભાવનાની પરંપરા નિભાવી રહી છે અને નિભાવે છે.....!

# ૬૦ જેટલા આઈપીએસ અધિકારીની બદલીનો તખ્તો તૈયાર

**જિલ્લા પોલીસ વડા, શહેરોના પોલીસ કમિશ્નર અને વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં ધરખમ ફેરબદલ કરવામાં આવી શકે**

**અડધો ડઝન ઓફિસરોને બઢતી આપવામાં આવે તેવી શકયતા**

(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૨૯

રાજયમાં તાજેતરમાં જ આઈપીએસ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે. આ બદલીઓમાં ૭૭ જેટલા આઇએએસ અધિકારીઓની બદલી થઇ ચૂકી છે. હવે એક વખત ફરીથી ૬૦ જેટલા આઇપીએસ અધિકારીઓની બદલી કરવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. વહીવટી તંત્રમાં ફેરફાર બાદ હવે વિધાનસભાની ચૂંટણી પહેલાં જિલ્લા પોલીસ વડા, શહેરોના પોલીસ કમિશનર અને વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં ધરખમ ફેરબદલ કરવામાં આવી શકે છે.

ગૃહ વિભાગના સૂત્રો અનુસાર, ૬૦થી વધારે આઇપીએસ ઓફિસરોની બદલી થવાની શકયતા દેખાઇ રહી છે. આ વિભાગમાં બદલી સાથે અડધો ડઝન ઓફિસરોને બઢતી પણ આપવામાં આવે તેવી સંભાવના છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની હાલમાં જ થયેલી ગુજરાત મુલાકાત બાદ પોલીસ વિભાગમાં ફેરબદલીની સંભાવના અને ચર્ચાઓ તેજ બની છે. અમિત શાહ સાથે પ્રાથમિક તબક્કે બદલીઓ મુદ્દે સીએમ રૂપાણીએ ચર્ચા પણ કરી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

પોલીસ વિભાગમાં આઇપીએસ ઓફિસરો ઉપરાંત ડીવાયએસપી, પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત સમગ્ર માળખું બદલાય તેવી સંભાવના છે. ગૃહ વિભાગના સુત્રો અનુસાર, આગામી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને તેમજ આગામી બિગ પ્રોજેક્ટસને અનુલક્ષીને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગરના પોલીસ કમિશર પણ બદલાય તેવી સંભાવના દેખાઇ રહી છે.

## સુરેન્દ્રનગરના કલેકટર કે.રાજેશની એક અઠવાડિયામાં બીજી વાર બદલી


(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૨૯

તાજેતરમાં જ ગુજરાત સરકારે ૭૫ આઇએએસ અધિકારીઓની સાગમટે બદલી કરી હતી. આ સમયે સુરેન્દ્રનગરના કલેક્ટર કે. રાજેશની પણ બદલી કરવામાં આવી હતી. જોકે, માત્ર એક જ અઠવાડિયામાં તેમની ફરી બદલી કરવામાં આવી છે. કે. રાજેશને ગૃહ વિભાગમાંથી હટાવીને માન્ય વહીવટ વિભાગમાં મુકાયા છે. એક અઠવાડિયા પહેલા જ સુરેન્દ્રનગર કલેક્ટરથી ગૃહ વિભાગમા જોઈન્ટ સેક્રેટરી તરીકે બદલી કરાઈ હતી. હવે ફરી પાછા ગૃહ વિભાગનાં જોઈન્ટ સેક્રેટરીથી સામાન્ય વહીવટી વિભાગમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે બદલી કરવામાં આવી છે.

## ધો.૧૦નું પરિણામ જુલાઇના પહેલા અઠવાડિયામાં થાય તેવી શક્યતા

**પરિણામની આતુરતાથી જોવાતી રાહઃ વિદ્યાર્થીઓના હાથમાં માર્કશીટ મળ્યા બાદ તેઓની પ્રવેશ પ્રક્રિયા આગામી સમયમાં શરૂ**



(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૨૯

ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું. જેના કારણે જે વિદ્યાર્થીઓ નિયમિત હતા., તેમની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. જે પહેલા વિદ્યાર્થીઓને ઇન્ટર્નલ માર્કિંગ સ્કૂલ બોર્ડ દ્વારા અપલોડ કરવા પણ કહ્યું હતું. જે બાદ જૂન મહિનાના અંતિમ વીકમાં પરિણામ જાહેર થશે, તેમ જાણવા મળ્યું હતું. પરંતુ હવે જુલાઇના ફર્સ્ટ વીકમાં વિદ્યાર્થીઓ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થાય તે પ્રકારની શક્યતા રહેલી છે.

કોરોના મહામારીના કારણે આ વર્ષે ધોરણ ૧૦ની પરીક્ષા રદ કરવામાં આવી હતી. ઇન્ટર્નલ માર્કિંગના આધારે તેમજ વિવિધ પરીક્ષાઓમાં તેમના પરિણામના આધારે રિઝલ્ટ જાહેર થશે. આતુરતાથી જે નિયમિત વિદ્યાર્થીઓ પરીક્ષાના પરિણામની રાહ જોઇ રહ્યા હતા, તે ૩ જુલાઈ સુધી જાહેર થાય તે પ્રકારે સૂત્રોએ જણાવ્યું હતું. જો કે, આ પરિણામની વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વિદ્યાર્થીઓનું પરિણામ અને તેમનાં હાથમાં માર્કશીટ મળ્યા બાદ તેઓની પ્રવેશ પ્રક્રિયા આગામી સમયમાં શરૂ થશે.

ધોરણ૧૦ની જેમ જ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરાશે. પરંતુ વિદ્યાર્થીઓએ ૨૮ જૂનથી લઇને ૪ જુલાઇ સુધી પોતાના માર્ક્સ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરી તમામ માધ્યમિક શાળાના આચાર્યને સુચના આપી છે, બોર્ડની વેબસાઇટ પર માર્ક્સ અપલોડ કરવા માટે સૂચન કરાયું છે. નિયમિત વિદ્યાર્થીઓના નિયત માળખા મુજબ ગુણ અપલોડ કરવાના રહેશે. જેના આધારે વિદ્યાર્થીઓનું પરિણામ જલદી નક્કી કરવામાં આવશે. જો કે, અત્યાર પૂરતું પરિણામ ધોરણ ૧૨નું ક્યારે જાહેર કરાશે તેને લઈને કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

## ગોંડલનાં જામવાડી પાસે ગાંજા સાથે શખ્સ ઝડપાયો

**ગ્રામ્ય એસ.ઓ.જી એ એક કિલો ગાંજા અને બાઈક સહિત રૂ. ૬૫ હજારનો મુદ્દામલ કબ્જે કર્યો**



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)


રાજકોટ, તા.૨૯

ગોંડલનાં જામવાડી પાસે આવેલ એશીયાટીક ઇન્ટરનેશનલ એકેડમી સ્કૂલ પાસે બાઈકમાં એક કિલો ગાંજા સાથે રૂરલ એસ.ઓ.જી ની ટીમે એક શખ્સને દબોચી લઇ રૂ. ૬૫૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગેની વિગત મુજબ રૂરલ એસ.ઓ.જી હના પી.આઈ એ.આર.રાણા સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે જામવાડીમાં એક શખ્સ ગાંજો વેચવા આવવાનો હોવાની હકીકત મળતા પોલીસે ગોંડલનાં જામવાડી વિસ્તારમાં આવેલી એશીયાટીક ઇન્ટરનેશનલ એકેડમી સ્કૂલની પાછળનાં ભાગેથી ભાવસીંગ વેસ્તા રાઠવા નામનો આદિવાસી શખ્સ બાઈકમાં શંકાસ્પદ રીતે નિકળતાપોલીસે તેને અટકાવી તલાસી લેતા તેના કબ્જામાંથી એક કિલો ગાંજો કિંમત રૂ. ૧૦૦૦૦નો મળી આવતા પોલીસે રૂ. ૬૫૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આદિવાસી શખ્સની ધરપકડ કરી છે.

## રાજયમાં આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના નહીંવત

## સારા વરસાદ માટે આગામી ૧૦ દિવસની રાહ જોવી પડશે

**જુલાઈના બીજા અઠવાડિયા બાદ સિસ્ટમ સક્રિય થાય, સારો વરસાદ આવે તેવી વકી હવામાન વિભાગે કરી વ્યક્ત**



(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૨૯

છેલ્લા થોડા દિવસમાં રાજ્યના વિવિધ ભાગમાં મેઘરાજાએ મહેર કરતાં ઠંકડ પ્રસરી હતી. જોકે, હવે ફરીથી ઉકળાટ અને અસહ્ય ગરમીના દિવસો પાછા આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના નહિવત્ છે. વરસાદી સિસ્ટમ સક્રિય ના થતાં ભારે વરસાદની સંભાવના નહિવત્ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. જુલાઈના બીજા અઠવાડિયા બાદ સિસ્ટમ સક્રિય થાય અને સારો વરસાદ આવે તેવી વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ગુજરાતમાં આગામી બે અઠવાડિયા સુધી વરસાદની સંભાવના નહિવત્ દેખાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી આઠ-દસ દિવસ સુધી વરસાદ વિરામ લેશે. ૨૯ જૂન પછી મેઘરાજા લાંબો વિરામ લે તેવી સંભાવના છે. પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની શકયતા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આમ, લાંબા ગાળાના વરસાદના વિરામથી ખેતીના પાકને અસર પહોંચી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હવે રાજ્યમાં આગામી દોઢથી બે સપ્તાહ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી. હવામાન વિભાગે કહ્યું કે, જૂન મહિનામાં ગુજરાતમાં સારો વરસાગ થયો છે. હવે દોઢ સપ્તાહ સુધી ગુજરાતમાં વરસાદની કોઈ એક્ટિવ સિસ્ટમ નથી, જેથી ભારે વરસાદની સંભાવના નથી. પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની શકયતા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આમ, લાંબા ગાળાના વરસાદના વિરામથી ખેતીના પાકને અસર પહોંચી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હવે રાજ્યમાં આગામી દોઢથી બે સપ્તાહ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી.

હવામાન વિભાગે કહ્યું કે, જૂન મહિનામાં ગુજરાતમાં સારો વરસાગ થયો છે. હવે દોઢ સપ્તાહ સુધી ગુજરાતમાં વરસાદની કોઈ એક્ટિવ સિસ્ટમ નથી, જેથી ભારે વરસાદની સંભાવના નથી. રાજ્યમાં વરસાદી માહોલ બાદ તાપમાનનો પારો ઘટીને ૩૧ ડિગ્રી નીચે જતો રહ્યો હતો.

## જસદણનાં બાખલવડ ગામે વાડીનો રસ્તો બંધ કરતા ડખ્ખો

**કોળી યુવાનને મહિલા સહિત ત્રણ શખ્સોએ માર મારતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

જસદણ તતાલુકાનાં બાખડવડ ગામે વાડીનો રસ્તો બંધ કરવા બાબતે ડખ્ખો થતા બે મહિલા સહિત ત્રણ શખ્સોએ યુવાનને મારમારી ઈજા કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ જસદણણા લાખડવડ ગામે રહેતો જેરામભાઈ વિરજીભાઇ પલાળીયા (ઉ.વ.૪૩) નામના કોળી યુવાને જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગામમાં રહેતા અમરશી જીણા બાવળીયા, કંચન અમરશી, સુમી જીણા બાવળીયા સહિતનાં શખ્સોએ યુવાનની વાડીએ જવાનો રસ્તો બંધ કરી ખુલ્લો કરતા ઉપરોક્ત શખ્સોએ સારું નહીં લાગતા ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડી, ધોકા વડે હુમલો કરી ઈજા કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લોધિકાના પાળ ગામે નદીમાં બાઈક ખાબકતા સાળાની નજર સામે બેનેવીનું મોત

**વતનથી પરત ફરેલા સાળાને ગોંડલ ચોકડીથી તેડીને બનેવી વાડીએ પરત ફરતોથતો ; માર્ગ અકસ્માતમાં બનેવીનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી**



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

મધ્યપ્રદેશથી પરત ફરેલા સાળાને ગોંડલ ચોકડીથી તેડી પાળ ગામે વાડીએ પરત ફરતા બનેવીનુંલોધિકાના પાળ ગામે પાસે નદીમાં બાઈક ખાબકતા સાળાની નજર સામે જ બનેવીનું મોત નીપજ્યું હતું. લોધિકા પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ લોધિકાના પાળ ગામે ડાયા નાથા ટીલાળાની વાડીમાં રહી મંજૂરીકામ કરતો કેવલ પુનસિંગ બબેરિયા ( ઉ.વ ૪૦ ) એ સવારે મોટરસાયકલ લઈને મધ્યપ્રદેશથી પરત ફરેલા સાળા રમેશ જોકલ શીંગાળાને ગોંડલ ચોકડીએ તેડવા ગયો હતો. જયાંથી સાળો રમેશ તેના જમાઈ કેવલને બાઇકમાં બેસાડી વાડીએ પરત ફરતો હતો. ત્યારે લોધિકાના પાળ ગામ પાસે અકસ્માતે બાઈક નદીમાં ખાબકતા બનેવી - સાળાને ઇજા થતાં સ્થાનિક લોકોએ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ફરજ પરના તબીબે ગંભીર ઇજાના કારણે કેવલ બબેરિયાનું મોત નિપજ્યાનું જાહેર કરતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા તથા એક બહેન અને એક ભાઈએ પોતાનો મોટાભાઈ ગુમાવતા પરિવારમાં ભારે શોક છવાયો છે. લોધિકા પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

### શિક્ષણ વિભાગનો યુનિવર્સિટીને આદેશ

## વિદ્યાર્થીએ ઓફલાઈન પરીક્ષા માટે રસી લીધેલી હોવી જોઈએ

**વેક્સિન ન લીધી હોય તેવા વિદ્યાર્થીને પરીક્ષા આપવા દેવામાં આવશે કે કેમ તે મુદ્દે અવઢવ**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૯

રાજયના શિક્ષણ વિભાગે સોમવારે સરકારી, ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની બાકી રહેલી પરીક્ષાઓ ઓફલાઈન લેવા મંજૂરી તો આપી છે પરંતુ સાથે સાથે કેટલાક નિયમો પણ જાહેર કર્યા છે જેમાં સૌથી વધુ મહત્ત્વની બાબત એ છે કે પરીક્ષાનું આયોજન કરતા પહેલા તમામ યુનિવર્સિટીઓ અને કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અને પરીક્ષાર્થીઓએ વેક્સિન લીધી હોવાનું સુનિશ્ચિત કરવાનું જણાવ્યું છે. એટલે કે વિદ્યાર્થીઓએ પરીક્ષા પહેલા વેક્સિન લઇ લીધેલી હોવી જોઈએ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી તારીખ ૮ જુલાઈથી પ્રથમ તબક્કામાં ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનાર છે ત્યારે વેક્સિન લેનાર વિદ્યાર્થીને જ પરીક્ષામાં પ્રવેશ અપાશે, વેક્સિન નહીં લીધી હોય તો પરીક્ષા આપી શકશે કે કેમ તે અંગે યુનિવર્સિટીએ કોઈ સ્પષ્ટતા નહીં કરતા વિદ્યાર્થીઓ પણ મૂંઝાયા છે. શિક્ષણ વિભાગે જાહેર કરેલા પરિપત્રમાં જણાવાયું છે કે ખાનગી-સરકારી યુનિવર્સિટીઓ સ્નાતક કક્ષાના ફાઈનલ સેમેસ્ટર અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે જુલાઈ-૨૦૨૧ દરમિયાન ઓફલાઈન પરીક્ષા લઇ શકશે.પરીક્ષાનું આયોજન કરતા પહેલા દરેક યુનિવર્સિટી અને કોલેજે ફરજિયાત વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક-બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે વેક્સિનેશન કેમ્પનું આયોજન કરીને પરીક્ષાર્થીઓના વેક્સિનેશનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આગામી ૮ જુલાઈથી શરૂ થતી પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ વેક્સિન નહીં લીધી હોય તેમને પરીક્ષામાં બેસવા દેવાશે કે કેમ તે અંગે યુનિવર્સિટી હજુ અવઢવમાં છે, કોઈ સ્પષ્ટતા કરી નથી. ઉપકુલપતિ ડો.વિજય દેશાણીએ જણાવ્યું હતું કે મંગળવારે આ અંગે ચર્ચા કરીને નિર્ણય કરીશું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા.૨૯-૦૬-૨૦૨૧, મંગળવાર, જેઠ વદ-૫, સૂર્યોદય-૫-૨૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.શ.સ.), નક્ષત્રઃ શતભિષ

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી


સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

### હેલ્થ સેક્ટર માટે ૫૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી

## કોવિડથી અસરગ્રસ્ત ક્ષેત્રો માટે ૧.૧ લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત



(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૨૯

નાણમંત્રી નિર્મલા સીતારામને કોવિડ પ્રભાવિત સેક્ટર માટે ૧.૧ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. કોરોના મહામારીથી પ્રભાવિત ભારતીય અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે જણાવ્યું હતું કે, ૮ આર્થિક રાહત પેકેજની જાહેરાત કરી રહ્યા છીએ. જેમાંથી ૪ બિલકુલ નવા છે અને એક ખાસ હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે છે.

કોવિડ પ્રભાવિત ક્ષેત્રો માટે ૧.૧ લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ ગેરન્ટી યોજના અને આરોગ્ય ક્ષેત્ર માટે ૫૦ હજાર કરોડ રૂપિયાના પેકેજ તેમજ અન્ય ક્ષેત્ર માટે ૬૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. જે અંતર્ગત ૧૦૦ કરોડ સુધીની લોન ૭.૯૫ ટકાના વ્યાજ દરે અપાશે. જ્યારે અન્ય ક્ષેત્રો માટે ૮.૨૫ ટકાથી વધુ વ્યાજ નહીં હોય.

કોરોનાની બીજી લહેરથી કેટલાક સેકટર્સ સંકટમાં છે અને સરકાર પાસે મદદની માંગ કરાઇ રહી હતી. આવામાં

**ભારતમાં ટૂરિઝમને પ્રોત્સાહન આપવા માટે ૫ લાખ લોકોને ફ્રી ટૂરિસ્ટ વિઝા, અન્ય ક્ષેત્રો માટે ૬૦ હજાર કરોડની જાહેરાત કરાઈઃ ૧૦૦ કરોડ સુધીની લોન ૭.૯૫ ટકાના વ્યાજ દરે અપાશે**

અગાઉ સરકારે પણ સંકેત આપ્યા હતા કે, તે સેક્ટર્સને મદદ માટે સરકાર વિચાર કરી રહી છે જે સૌથી વધુ સંકટમાં છે. નાણામંત્રીએ નાના ઉદ્યોગોની મદદ માટે ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરન્ટી સ્કીમ માટે ફન્ડિંગમાં વધારો કરવાની જાહેરાત કરી છે. અત્યારે આ સ્કીમ ૩ લાખ કરોડ રૂપિયાની છે, જેને વધારીને ૪.૫ લાખ કરોડ રૂપિયા કરાઇ છે. આ સ્કીમ હેઠળ અત્યાર સુધી એમએસએમઇ, હોસ્પિટાલિટી સેક્ટરને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાનું વિતરણ કરાઇ ચૂક્યું છે.

ઉપરાંત માઇક્રો ફાઇનાન્સ ઇન્સ્ટીટ્યૂશનના માધ્યમથી આપવામાં આવતી લોન માટે ક્રેડિટ ગેરન્ટી સ્કીમની જાહેરાત કરાઇ છે. આ એક નવી સ્કીમ છે. આ હેઠળ કોમર્શિયલ બેંકના એમએફઆઇને અપાયેલી નવી અને હાલની લોન મોટ ગેરન્ટી આપવામાં આવશે. આ યોજનાથી ૨૫ લાખ લોકોને લાભ પહોંચવાની આશા છે. કોવિડ મહામારી દરમિયાન પ્રભાવિત ટૂરિસ્ટ ગાઇડ અને ટ્રાવેલ ટૂરિઝમ સ્ટેકહોલ્ડર્સને સરકાર નાણાકીય મદદ આપશે. ટ્રાવેલ એજન્સીઓને ૧૦ લાખ રૂપિયા સુધીની લોન, પર્યટક ગાઇડને એક લાખ સુધીની લોન મળશે. આ યોજનાનો લાભ લગભગ ૨૫ લાખ લોકોને મળશે.

પાંચ લાખ ટૂરિસ્ટ્સને ફ્રી ટૂરિસ્ટ વિઝાની જાહેરાત કરવામાં આવી છે. વિદેશી પર્યટકોને જ્યારે વિઝા મળવાનું શરૂ થશે, ત્યારે પહેલાં પાંચ લાખ ટૂરિસ્ટ જે ભારત આવશે તેમને ફ્રી વિઝા મળશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ એનએફએસએ લાભાર્થીઓને નવેમ્બર, ૨૦૨૧ સુધી ૫ કિલો મફત અનાજ અપાશે. આ માટે સરકાર કુલ ૨,૨૭,૮૪૧ કરોડ ખર્ચશે.

દેશના ખેડૂતોને ૧૪,૭૭૫ કરોડ રૂપિયાની વધુ સબસિડી અપાઇ છે. આમાં ૯૧૨૫ કરોડ રૂપિયાની સબસિડી માત્ર ડીએપી પર આપવામાં આવી છે. જ્યારે ૫૬૫૦ કરોડ રૂપિયાની સબસિડી એનપીકે પર અપાઇ છે.

### ૧૦૮ ની સરાહનીય કામગીરીઃ 'બ્લો બાય મેથ ડે' દ્વારા

# અધુરા માસે જન્મેલા બાળકને શ્વાસો શ્વાસની ટ્રીટમેન્ટ આપી





### બાળક તેમજ માતાને સહી સલામત સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

૧૦૮ ની કપરી કામગીરી કરતા જવાનોએ અનેક વાર લોકોના જીવ બચાવી પ્રાણરક્ષકની ભૂમિકા સુપેરે નિભાવી છે. આવો જ એક દિલધડક કિસ્સો હાલમાં જોવા મળ્યો. નિશાબેન વસકોલ નામની ૨૦ વર્ષીય મહિલાને આઠમા માસે જ પ્રસૂતિની પીડા ઉપડતા શાપર સી.એચ.સી. સેન્ટર ખાતે લાવવામાં આવ્યા હતાં. તેમની પરિસ્થિતિની ગંભીરતા જોતા તેમને ૧૦૮ વાટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવા ડો. જાવિયા દ્વારા જણાવાયું હતું.

૧૦૮ ની એમ્બ્યુલન્સમાં મહિલાને સ્થળાંતરિત કરતી વેળાએ સમયના અભાવે એમ્બ્યુલન્સમાં હાજર ઈ.એમ.ટી. રાજુભાઈ બાંભણીયાએ કોઠારીયા સોલ્વન્ટ પાસે રસ્તામાં જ મહિલાની ક્રિટિકલ ડીલિવરી કરાવી હતી. બાળક અધૂરા માસે જન્મ્યું હોઈ બાળકની પરિસ્થિતિ સામાન્ય નહોતી. શરીરનો અમુક ભાગ બ્લુ કલર જેવો દેખાતો હતો. જેથી રાજુભાઈએ ઓનલાઇન ડોકટરની સલાહ (ઈ.આર.સો.પી.) સાથે બાળક પહેલો શ્વાસ લે તે માટે સક્શન કરી શ્વાસ લઈ શકે તે માટે નળી ક્લિયર કરી હતી. બાળકને ઓક્સિજન લેવલ પૂરું પાડવા બ્લો બાય મેથડ દ્વારા શ્વાસોચ્છવાસની ટ્રીટમેન્ટ આપી બાળકને તેમજ માતાને સહીસલામત સિવિલ હોસ્પિટલ ખાતે ભરતી કરાયા હતાં.

આ અંગે ૧૦૮ ના ઇમરજન્સી એક્ઝિક્યુટિવ વિરલ ભટ્ટે વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, નવજાત બાળકને ઓક્સિજનની ઘટ પુરી પાડવા સીધુ જ ઓક્સિજન માસ્ક પર રાખી ન શકાય. તેના માટે ખાસ પદ્ધત્તિ બ્લો બાય મેથડ દ્વારા બાળકને ઓક્સિજન પૂરો પાડવામાં આવે છે. આ મેથડમાં ઓક્સિજનની નળી એક હાથની બે આંગળી વચ્ચે રાખી બંને હાથની હથેળી દ્વારા ખોબો બનાવી તેને બાળકના નાક પાસે થોડી સેકન્ડ માટે સાયકલિક મેથડમાં નજીક-દૂર કરવામાં આવે છે. બાળકને બાહ્ય ઓક્સિજન પૂરતા પ્રમાણમાં મળતો રહે તે રીતે આ કામગીરી ખુબ જ સાવધાનીપૂર્વક કરવી પડે છે.(૧.૫)

### રાજકોટના કુવાડવા ગામમાં ૧૮ લાખના ખર્ચે

# પંચાયત ઘરનું ભૂમિ પૂજન, પ્રાર્થના હોલનું લોકાર્પણ કરતા ભુપત બોદર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

રાજકોટ જિલ્લાના કુવાડવા ગામમાં ૧૮ લાખના ખર્ચે નવા પંચાયત ઘરનું ભૂમિ પૂજન જીલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદરના હસ્તે કરવામાં આવ્યું. પાંચ લાખના ખર્ચે નવી બનેલ પ્રાર્થના હોલનું લોકાર્પણ પ્રમુખ ભુપતભાઈ બોદરના હસ્તે કરવામાં આવ્યું.

સંસદસભ્ય મોહનભાઇ કુંડારીયાની અનુસૂચિત જાતિ વિસ્તારની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમોમાં જિલ્લા પંચાયતના મહિલા અને બાળવિકાસ વિભાગના ચેરમેન સુમીતાબેન રાજેશભાઈ ચાવડા, સભ્ય પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી (કુવાડવા), તાલુકા પંચાયત પ્રમુખ પ્રકાશભાઈ કાકડિયા, કુવાડવા ગામ સરપંચ સંજયભાઈ પીપળીયા, ઉપસરપંચ સુરેશભાઈ ઢોલરીયા, ગઢકા ગામના સરપંચ કેયુરભાઈ ઢોલરીયા, મંડળી પ્રમુખ ભરતભાઈ કાકડિયા, પૂર્વ સરપંચ રમેશભાઈ ઢોલરીયા, ચનાભાઈ રામાણી, રમેશભાઈ સોઢા, કરશનભાઇ વાઘેલા, રફીકભાઇ ઘોણીયા, કેશુભાઈ રીબડીયા, ભરતભાઈ ગોહેલ, નટુભાઈ વ્યાસ, બાબુભાઇ ગોહેલ, મુકેશભાઈ કાકડિયા, આશિષ સોમમાણેક, દિગુભા ડોડીયા, રમેશભાઈ કાકડિયા, રમેશભાઈ ઢોલરીયા તથા ગામના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૬)

### ધ્રોલ પાલિકાના કર્મચારીને માર મારનાર

# પોલીસમેનોની સજામાં એસ.પી એ ફૂલડીમાં ગોળ ભાંગ્યો!



### ગુંડાગીરી આચરનારા પોલીસમેનોને સસ્પેન્ડ કરવા ગૃહમંત્રીને રજૂઆત કરતુ રાજપૂત કરણી સેના અને ક્ષત્રિય યુવા ગ્રુપ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

રાજપૂત કરણી સેના અને ક્ષત્રિય યુવા ગ્રુપ દ્વારા રાજ્યનાં ગૃહમંત્રીને રજૂઆતમાં જણાવ્યું છે કે, જામનગર જીલ્લાનાં ધ્રોલ આંગડીયા પેઢીની ઓફિસમાં નગર પાલિકાનાં કર્મચારી દિગ્વિજયસિંહ ઝાલા પર માસ્ક ન પહેરવા બાબતે બે પોલીસમેનો દ્વારા લુખ્ખાગીરી આચરી ગુંડાગીરી કરવામાં આવી હતી. આ બનાવને લઈને ધ્રોલ ચેમ્બર દ્વારા સજ્જડ બંધ રાખી વેપારીઓ અને લોકોમાં રોષ ભભૂક્યો હતો.

જામનગરના એસ.પી દીપેન ભદ્રન દ્વારા પાલિકાના કર્મચારીને મારમારનાર પોલીસમેનો મહીપતસિહ હરિસિંહ સોલંકી અને નિલેશભાઈ મનસુખભાઈ ભીમાણીની જામજોધપુર અને કાલાવડ ગ્રામ્યમાં તાકીદની અસરથી બદલી કરવામાં આવી છે. જે સજા અપૂરતી છે અને બદલી એ રૂટિન પ્રક્રિયાનો એક ભાગ છે. ખરેખર તો આવી ગુંડાગીરી આચરનારા પોલીસમેનોને તાકીદની અસરથી સસ્પેન્ડ કરી જિલ્લા ફેરબદલી કરવા જોઈએ જે આ પ્રકરણમાં થયું નથી. શિસ્તબધ્ધ પોલીસ તંત્રમાં નજીવા ગુનામાં પણ પોલીસમેનોને જિલ્લા ફેરબદલ કરવામાં આવે છે. ત્યારે આ પ્રકરણમાં બંને પોલીસમેન ઉપર ગુનો પણ દાખલ થયેલ છે તેમ છતાં જામનગર એસ.પી.એ કુલડીમાં ગોળ ભાંગી આ બંને પોલીસમેનોને તરફેણ કરી હોય તેવું સ્પષ્ટ જણાય છે.

સમગ્ર રાજ્યમાં અવારનવાર પોલીસ તંત્ર દ્વારા આ પ્રકારની ઘટનાઓ બનતી રહી છે. ત્યારે આવા લુખ્ખાગીરી અને ગુંડાગીરી આચરનારા પોલીસ કર્મચારીઓને ફિલ્ડના બદલે ઓફિસ વર્ક માં કામ આપવું જોઈએ. આ ઘટના બાબતે બંને પોલીસમેનનો સામે જે કડક પગલાં ભરવા જોઇએ તે ભરવામાં આવેલ નથી જે પગલે રાજ્યના ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાને રાજપૂત કરણી સેના અને ક્ષત્રિય યુવા ગ્રુપ દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. જે સજા કરવામાં આવી છે તેમાં ફેર વિચારણા કરવી જોઈએ અને બંને જવાબદાર પોલીસમેનોને તાકીદની અસરથી સસ્પેન્ડ કરવા જોઈએ. તેમ વીરભદ્રસિંહ જાડેજા અને ગજેન્દ્રસિંહ ઝાલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૭)

# પડધરી નાગરિક બેંકના ચેરમેન પ્રધુમન સાતાનો આજે જન્મદિવસ



સંઘના સ્વયંસેવક તથા પડધરી નાગરિક બેંકના સહ-કન્વીનર, પડધરી તાલુકા ભાજપના કર્મઠ તથા નિષ્ઠાવાન કાર્યકર્તા પ્રધુમનભાઈ સાતાનો આજે જન્મદિવસ છે. તેઓ હાલ પડધરી નાગરિક બેંકમાં ચેરમેનના પદ પર સેવા આપી રહેલ છે તથા તેઓ બાલ્યકાળથી જ સંઘની પ્રખર હિંદુ વિચારધારાને વળેલા છે. તેઓ પડધરી વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના કારોબારી સભ્ય તથા ગ્રામીણ શિક્ષણ પ્રમુખ, વિદ્યાભારતી ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ મુખ્ય વ્યવસ્થાપક છે અને પડધરી તાલુકા ભાજપમાં અગ્રણી કાર્યકર્તા છે. જેઓને આજે ૬૯ વર્ષ પૂર્ણ કરી ૭૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે. પડધરી તાલુકા ભાજપ ટીમ તેમજ રાજકોટના ધારાશાસ્ત્રીઓ તેમજ પત્રકારમિત્રો તથા વિવિધ સમાજના અગ્રણી તથા સંસ્થાઓના આગેવાનો તરફથી મો.૯૪૨૮૨૧૩૨૦૫ પર શુભેચ્છાઓ મળી રહી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી જન્મદિવસ શુભેચ્છા...

# જે.સી.આઈ. રાજકોટ સિલ્વરના સભ્યોનું અર્ધવાર્ષિક સંમેલન યોજાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯



જે.સી.આઇ. રાજકોટ સિલ્વર એ જુનિયર ચેમ્બર ઇન્ટરનેશનલ નામક આંતરરાષ્ટ્રીય બિન સરકારી સંગઠનના સ્થાનિક એકમ તરીકે વર્ષ ૧૯૮૪ થી રાજકોટ ખાતે કાર્યરત છે. તા.૨૭ જુને અર્ધવાર્ષિક સંમેલન વિસનગર ખાતે યોજાયેલ હતું જેમાં જે.સી.આઇ. રાજકોટ સિલ્વરના સભ્ય તેમજ ઝોન વાઈસ પ્રેસિડેન્ટ જેસી મધુર નાર્સિયને અર્ધવાર્ષિક સંમેલનની સમાપ્તીની અધ્યક્ષતા સાંભળેલ હતી.

તેમજ અલગ અલગ સ્પર્ધાઓમાં જેમકે કપલ કોન્ટેસ્ટમાં પ્રમુખ જેસી હેત્વી આહ્યા અને જેસી અતુલ આહ્યા બીજા નંબરે, વન મિનીટ ગેમ સો માં આઈ.પી.પી જેસી મેઘા ચાવડા બીજા નંબરે અને જેસી હેત્વી આહ્યા ત્રીજા નંબરે ઇનામ મળેલ હતું. તેમજ વધુ ગર્વની વાતએ કે આ સંમેલનમાં જે.સી.આઈ ઇન્ડિયાના નેશનલ પ્રેસિડેન્ટ જે.સી. રાખી જૈન હાજર રહ્યા હતા તેમજ નેશનલ પ્રેસિડેન્ટ જે.સી. રાખી જૈન દ્વારા પ્રમુખ જેસી હેત્વી આહ્યા, અમારા સ્થાનિક એકમના અગ્રણી જેસી ભરત દુદકિયા, ઝોન વાઈસ પ્રેસિડેન્ટ જેસી મધુર નાર્સિયન અને નોમ કોઓર્ડીનેટર જે.સી. હિરેન મેહતા ને વિશેષ સન્માનિત કરેલ. તેમજ વધુમાં એક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ દ્વારા નોમ કોઓર્ડીનેટર કમલપત્ર માટે જે.સી. હિરેન મેહતા સન્માનિત થયેલ તે બદલ જે.સી.આઇ. રાજકોટ સિલ્વર સભ્યો તરફથી ખુબ ખુબ અભિનંદન. પી.આર.ઓ. જેસી પ્રશાંત સોલંકીની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટ બીઈંગ યુનાઈટેડ (ngo) દ્વારા કોરોના વોરિયર્સનું સન્માન



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરમાં કોરોનાની પ્રથમ અને બીજી લહેરમાં પોતાના જીવની પરવા કર્યા વગર નિઃસ્વાર્થ મદદ કરનારા કોરોના વોરિયર્સનું સન્માન સમારોહ સોશિયલ ડિસ્ટન્સ જાળવી કરવામાં આવેલ હતું. રાજકોટમાં હજ્જારો લોકોને મદદરૂપ બનનારા દાઉદી વ્હોરા સમાજના બીઈંગ યુનાઇટેડ (ngo) ના પ્રમુખ અને રાજકોટ શહેર લઘુમતી મોરચાના ઉપ પ્રમુખ ઈબ્રાહીમભાઈ ફખરુદ્દીનભાઈ સોની અને બીઈંગ યુનાઇટેડના હોદ્દેદારો તાહેરભાઈ પતરાવાળા, અલીઅસગર ભાઈ ગાંધી, બુરહાનભાઈ વૈદ, મુસ્તફા ભાઈ ગાંધી, હુસૈનભાઈ લેહરી, યુસુફભાઈ ભારમલ, મૂર્તઝાભાઈ ભારમલ, અબ્દુલકાદિરભાઈ વાડીવાળા, રાજુભાઇ ધોરાજીવાળા, હોજેફાભાઈ ઈઝઝી, હુસૈનભાઈ વજીહી, અબ્બાસભાઇ, હુસૈનભાઈ બદાણી, સહિતનાઓની કામગીરી ઉડીને આંખે વળગી રહી છે. ત્યારે તેમણે રાજકોટ દાઉદી વ્હોરા સમાજના કોરોના વોરિયર્સનું સન્માન સમાજના આગેવાનો, હોદ્દેદારો અને રાજકોટ શહેરના મેયર પ્રદીપભાઇ ડવ સહિત ભાજપના તમામ અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.(૧૨.૫)

# બાધી સરપંચ સ્વ. વશુભા રાઠોડના જન્મદિવસ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯



રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના જિલ્લા ઉપાધ્યક્ષ, બાધી ક્ષત્રિય કારડીયા રાજપૂત યુવા આગેવાન, બાધી ગામ સરપંચ સ્વ. વશુભા ખીમજીભા રાઠોડના જન્મદિવસ નિમિત્તે એમના સ્મરણાર્થે તા.૧/૭/ ને ગુરુવાર ના સમય- સવારે ૮ થી ૧ સ્થળ- કારડીયા રાજપૂત સમાજવાડી બાધી. રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે. સ્વ.વશુભા રાઠોડ બાધી રાજપૂત યુવા મંડળ તથા રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના સાથે જોડાયેલ હતા. સમાજ સેવા, સંગઠન, માનવ સેવા તથા રક્તદાન જેવી પ્રવૃત્તિઓમાં હંમેશા સક્રિય હતા. માનવ જીવન બચાવવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા સર્વે ક્ષત્રિય રાજપૂત બંધુઓ તથા સર્વ સમાજના બંધુઓને બહોળી સંખ્યામાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.(૧૪.૫)

# અમરેલીથી કંડકટર ચાલુ ફરજે સાવરકુંડલા પહોંચ્યા

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
અમરેલી, તા.૨૯

અમરેલી થી સાવરકુંડલા માટે રાત્રીના સમય પર થોડી જ બસ મળતી હોઈ છે. ત્યારે તેમાંની ૧ બસ સાવરકુંડલા ડેપોની બસ ખંભાલીયા-સાવરકુંડલામાં તા.૨૬/૬ ના રોજ અમરેલી થી કંડકટર ચાલુ ફરજ મૂકી બીજી કોઈ બસમાં બેસી સાવરકુંડલા જતા રહ્યા હતા. આ બસમાં રાત્રીના સમય પર અમરેલીથી રોજ ૧૫ જેટલા મુસાફરો આવતા હોઈ છે. અને બસ જયારે મુસાફરો બેસતા હતા ત્યારે માલુમ થયું કે આમાં કંડકટર હાજર જ નથી. ત્યારે બધા મુસાફરોને બસ શરૂ હોવા છતાં મુસાફરી કરી શક્યા નહી અને બધા મુસાફરો અટવાયા હતા.

જેથી તરત જ સાવરકુંડલાના ડેપો મેનેજર મકવાણા સાહેબને જાણ કરવા ફોન કર્યો (જેનું રેકોર્ડીંગ છે) તેમાં સાહેબ એવું કહે છે. બસ બ્રેક ડાઉન હોવાથી બોલાવી લીધા છે. પણ બસ તો અમરેલી ડેપોમાં બ્રેક ડાઉન હતી અને એ પણ માત્ર આગલા ટાયરમાં પંચર હતું અને માત્ર થોડા ટાઇમમાં જ બસમાં ટાયર બદલી નાખ્યું હતું. તો અમરેલી ડેપોમાંથી જ તાત્કાલિક બસના કંડકટરને સાહેબએ કેમ બસ મૂકીને બીજી બસમાં બોલાવી લીધા હતા અને સાવરકુંડલા ડેપોમાં બસ રેગ્યુલર ટાઇમ મુજબ જમા કરાવેલ છે. સાહેબને વિનતી કે આપના ડેપો મેનેજર મકવાણા સાહેબ જાણમાં હોવા છતાં અને એમના કેહવા મુજબ બસ કંડકટર વગર રૂટ પર ચાલી આવી ગંભીર ભૂલ અને બેદરકારી સામને આવી છે. જેમાં મકવાણા સાહેબ પણ સામેલ છે. આપ સાહેબ કંડકટર નું ટીકીટ મશીન અને અન્ય વિગતો ચેક કરી તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરો.(૧૪.૧)

# ખરેગામઃ ગૌધન કતલખાને લઈ જતો ટેમ્પો ચાલક હાથકડી છોડીને ફરાર





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
ખેરગામ, તા.૨૯

૨૬ જૂનની સવારે ૮:૧૫ તોરણવેરા જતા રસ્તે ટેમ્પોમાં ગૌધન ભરીને કતલખાને લઈ જતા હતા તેઓની બાતમી મળતા ગૌરક્ષકની ટીમ સાથે ખેરગામ પોલીસ મળીને છ ગાય અને વાછરડાને ઉગારી લેવાયા હતા જેમાં ટેમ્પોચાલક મનોજ કાશીરામ માહરુ ગાંવિત રહેવાસી સોનઘર, બોરપાડા તા ધરમપુર ને ટેમ્પો નંબર જીજે30ટી0૮૧0 કિંમત અઢી લાખ તથા એક ગાય વાછરડા વાછરડી જેની કિંમત ૧૦,૫૦૦ સાથે ઝડપી પાડયો હતો. જ્યારે બે આરોપી રાવજી કાળુ ચૌધરી તથા માન્યા બાલુ ચૌધરી કે જેઓએ આ ગાય વાછરડા કતલખાને મોકલ્યા હતા તેઓને પકડવાના છે.

ખેરગામ પો.સ્ટે.ના પીએસઓના રૂમમાં આ આરોપી મનોજને હાથકડી સાથે રાખવામાં આવ્યો હતો જે ગત તા.૨૮મીએ હાથકડી સેરવીને ભાગી ગયો હતો. જેની જાણ પોલીસ સ્ટેશનને સવારે ૧૧:30 એ કરી હતી. જેની ફરિયાદ અનાર્મ હેડ કોન્સ્ટેબલ બીપીનભાઈ કાંતુભાઈ બક્કલ ક્રમાંક ૮૭૪ એ ભા.દંડ સંહિતાની કલમ ૨૨૪ થી એએસઆઈ ઉષાબેન રવજીભાઈ પાસે નોંધાવી હતી.

મામલતદાર સેવાસદનમાં પોલીસ સ્ટેશન સવા વર્ષથી કાર્યરત છે જ્યાં જેલ કોટડી નથી પરિણામે નજર સામે જ કેદ કરી રખાય છે જેથી આવા બનાવ બને છે. જેથી આવા આરોપીઓને ભાગી જવામાં સરળતા રહે છે. ખેરગામ અને જિલ્લાની પોલીસ ભાગી છૂટેલા આરોપીને કેટલા સમયમાં પકડે છે તે જોવું રહ્યું અને બેદરકારી દાખવનારા સામે શું પગલાં ભરાય છે તેની પ્રજાને પ્રતીક્ષા છે.(૧૨.૫)

# શાળાઓનો સમય સવારનો રાખવા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘએ શાળાઓનો સમય સવારનો રાખવા પ્રાથમિક શિક્ષણ નિયામકને રજૂઆતમાં જણાવ્યું કે, કોવિડ-૧૯ અંતર્ગત શાળાઓમાં વિદ્યાર્થીઓએ આવવાનું નથી અને શિક્ષકો રૂબરૂ, ઓનલાઈન, ફોન સંપર્ક, વર્ચ્યુઅલ કલાસ વગેરે માધ્યમથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન કરે છે. આ બાબતે સવારનો સમય વાલીઓ તથા વિદ્યાર્થીઓને સાનુકૂળ હોય છે તો આ કોવિડ- ૧૯ મહામારીના કારણે જ્યાં સુધી વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવાના નથી ત્યાં સુધી શાળાઓનો સમય સવારનો રાખવા યોગ્ય ઘટતું કરવા વિનંતી.(૧૪.૨)

# અવસાન નોંધ

**રાજકોટ:** ઔદિત્ય સહસ્ત્ર ઝાલાવાડી ચંદ્રબાળા (ચંદનબેન), રમેશચંદ્ર ભટ્ટ (ઉ.વ.૬૦) તે વિજયભાઈ (આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભુજ-રીટાયર્ડ) મુકેશભાઈ (માનવ મંદિર રાજકોટ), ધર્મેન્દ્રભાઈ (કાલાવડ), સ્વ દિવ્યાબેનનાં માતા તથા મુકેશભાઈ વ્યાસનાં સાસુ તથા મૌલિકભાઈ, કૌશલભાઈ, ડો. વિરલભાઈ અને આદિત્યભાઈનાં દાદીમા તથા કુલદીપભાઈ અને જાનકીબેનનાં નાનીમાંનું તા. ૨૮ નાં રોજ અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા.૧/૭ ને ગુરુવારનાં રોજ સાંજે ૫ થી ૬ વાગે રાખેલ છે. મો.નં. ૮૧૨૮૯૮૬૫૬૦, ૯૬૦૧૨૫૦૮૫૦, ૯૬૨૪૭૨૯૫૬૪.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટમાં ૧૦૦ કેન્દ્રમાંથી આજે માત્ર ૪૨ કેન્દ્ર જ ચાલુ

જ્યારે કે સતત બીજા દિવસે કોવિશિલ્ડના એક પણ ડોઝની ફાળવણી કરવામાં આવી નથી. આ સાથે કોવિશિલ્ડ વેક્સિનનો જથ્થો ક્યારે મળશે તે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, કોવિશિલ્ડ વેક્સિન ક્યારે મળશે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ હાલના તબક્કે કોવિશિલ્ડ વેક્સિનનો એક પણ ડોઝ રાજકોટ મનપામાં ઉપલબ્ધ નથી.

રાજકોટમાં કોવિશિલ્ડ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હોય અને તેમને ૮૪ દિવસ સમય થઇ ગયો હોય માટે બીજા ડોઝ લેવાનો હોય તેવા ૧ લાખથી વધુ લોકો છે કે જેમને વેક્સિનનો બીજો ડોઝ ક્યારે આપવામાં આવશે તે હજુ કહી શકાય તેમ નથી. તેમાં મોટાભાગે ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોનો પણ સમાવેશ થાય છે અને તે લોકો વારંવાર રસીકરણ કેન્દ્ર પર વેક્સિન લેવા માટે ધક્કા ખાય રહ્યા છે. રાજકોટ શહેરમાં ૧૦૦% વેક્સિનેશન સાથે ગુજરાતમાં પ્રથમ નંબર પર પહોંચવા માટે પદાધિકારીઓ અને અધિકારીઓ અપેક્ષા સાથે સપનાઓ જોઇ તો રહ્યા છે પરંતુ વેક્સિન વગર પ્રથમ નંબરે કેવી રીતે પહોંચી શકાય તે પ્રશ્ન તેમના મનમાં કેમ નથી ઉદભવી રહ્યો તે પણ એક સવાલ છે.

## પોદાર જમ્બો કીડઝ અને સૌરાષ્ટ્ર સાયન્સ ઈન્સ્ટિટયૂટના સંચાલકો ભાગી ગયા

જિલ્લા એનએસયુઆઇ પ્રમુખ રોહિત રાજપૂતના જણાવ્યા મુજબ સરકારે ઓફલાઇન અભ્યાસ માટે મંજૂરી આપી નથી. છતાં રાજકોટમાં સૌરાષ્ટ્ર સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અને પોદાર પ્લે હાઉસ ચાલુ રાખી બાળકોને ઓફલાઇન અભ્યાસ કરાવતા હોવાનું સામે આવ્યું હતું. રાજકોટ માલવીયા નગર પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર કે.એન. ભુકણએ જણાવ્યું હતું કે, પ્લે હાઉસ અને કોચિંગ ક્લાસિસ ચાલુ હોવાથી એનએસયુઆઇ દ્વારા રેડ કરવામાં આવી હોવાનું માલુમ થતા પોલીસ સ્ટાફ સ્થળ પર મોકલવામાં આવ્યો છે. સ્થળ પર કોઇ સંચાલક હાજર મળ્યા નથી. તેને બોલાવી નિવેદન લઇ બાદમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. રાજકોટમાં ચાલતા આવા ક્લાસિસના સંચાલકો બાળકોના જીવનને જોખમમાં મૂકી રહ્યા છે. ડોક્ટરો દ્વારા ત્રીજી લહેરમાં સૌથી વધારે બાળકો પર જોખમ વધુ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ત્યારે બાળકોને ક્લાસિસે બોલાવીને અભ્યાસ કરાવવો કેટલો વ્યાજબી તે આવનારો સમય જ કહેશે.રોહિતસિંહ રાજપુત અને ઉપપ્રમુખ મોહીલ ડવે જણાવ્યુ હતુ કે આ બંને સંસ્થાઓ ચાલુ હોવાથી એક જવાબદાર વિદ્યાર્થી સંગઠન તરીકે વિદ્યાર્થીઓનુ સ્વાસ્થ્ય ધ્યાનમા રાખી રેડ કરી હતી. સ્થાનિક પોલીસ તંત્રને પણ જાણ કરી કાર્યવાહી કરવા માંગ પણ કરી છે. તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામા નથી આવતી એટલે જ આવા સંચાલકો બાળકોના સ્વાસ્થ્ય સાથે છેડા કરવાનુ સાહસ કરે છે. તેમજ વાલીઓએ પણ આ બાબતની ગંભીરતાથી નોંધ લઇને બાળકોને સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી જોઈએ તેવી અપીલ કરી હતી. આગામી દીવસોમા જો સરકારના જાહેરનામાનો ભંગ કરી કોઈપણ સંસ્થાઓ ચાલુ હશે તો એનએસયુઆઇ હલ્લાબોલ કરી વિરોધ પ્રદર્શન કરશે અનેશ જરૂર પડ્યે કલેક્ટરને રજુઆત પણ આ બાબતે કરશે તેવુ જીલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપુતની યાદીમા જણાવ્યુ હતુ.

## ગોહિલવાડમાં રાત્રે વિજળીના કડાકા – ભડાકા સાથે ભારે વરસાદ

ભાવનગરમાં ૩૨ મીમી, ઘોઘામાં ૬૨ મીમી, મહુવામાં ૪૪ મીમી, ગારીયાધારમાં ૩૨ મીમી, પાલીતાણામાં ૧૯ મીમી, જેસરમાં ૧૪ મીમી, ઉમરાળામાં ૧૨ મીમી અને વલ્લભીપુરમાં ૧૧ મીમી વરસાદ નોંધાયો છે. મોડી રાત્રે વરસાદથી લોકોને ઉજાગરા થાય છે જ્યારે દિવસે પરસેવાથી લોકો ભીંજાય છે. જસદણ પંથકમાં કાલે સાંજે ચાર કલાકે જાણે આકાશે કાળી ચાદર ઓઢી હોય એવા અંધારા વચ્ચે વીજળીના ગડગડાટ અને પવનના સૂસવાટા વચ્ચે વરસાદ શરૂ થતાં ધરતીપુત્ર આનંદથી ઝૂમી ઉઠયા હતા. સખત ઉકળાટ બાદ આજે જસદણ - આટકોટ સહિતના બાર જેટલા ગામોમાં વરસાદનો ધમાકેદાર પ્રારંભ થતાં ઉકળાટથી ત્રાહિમામ લોકોને ઠંડક મળી હતી. ખાસ કરીને આ વરસાદ ખેડૂતોને લાભકારી બન્યો હતો.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## આ બાળકોને કાંઇ થશે તો જવાબદાર કોણ??

આ કાર્યક્રમ મોટેરાઓનો હોવાથી બાળકો માટે ભારે બોરીંગ રહ્યો હતો. ન છૂટકે વાલીઓએ પોતાના બાળકોને કાર્યક્રમમાં બેસાડી રાખવા માટે મોબાઈલ ફોન પકડાવી દીધા હતા. આવા કોઈ એક-બે કિસ્સા ન હોતા. સમગ્ર કાર્યક્રમનો લગભગ આવો જ માહોલ જોવા મળ્યો હતો. કોરોનાની બીજી લહેરમાંથી શહેરની જનતા માંડ ઉઠી છે તેવા સમયએ આવી ભીડ ભેગી કરવીએ પણ ભારે જોખમી પગલું હતું. શહેરનાં પ્રથમ નાગરિક મેયરશ્રી સહિત ઉચ્ચ અધિકારી અને પદાધિકારીની હાજરીમાં સોશિયલ ડિસ્ટન્સનાં પણ ધજાગરા ઉડ્યાનું તસ્વીરમાં જોઈ શકાય છે. જનતાને સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાના ઉપદેશ આપતા સતાધીશોનો કથની અને કરણીમાં આસમાન જમીનનું અંતર હોવાનું જોવા મળ્યું હતું. રાજકોટ મહાનગરપાલિકા કચેરીમાં આવેલા કોન્ફરન્સ હોલમાં યુનિફોર્મ વિતરણ માટેનો કાર્યક્રમ શાસક પક્ષ દ્વારા યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભાજપના કોર્પોરેટરો, મેયર, અધિકારીઓ હાજર રહ્યા હતા. ૧૦૦થી વધુ ભૂલકાને તેમના વાલી સાથે એકઠા કરી ૨ જોડી યુનિફોર્મનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થતો જોવા મળ્યો હતો. અધિકારીઓ અને શાસક પક્ષ જ નિયમોની ઐસી તૈસી કરી રહ્યું છે. પરંતુ તેઓની સામે કોઇ કાર્યવાહી કરવામાં આવશે કે નહીં તેવો લોકોમાં સવાલ ઉઠ્યો છે. સામાન્ય લોકો કાર્યક્રમ યોજે તો તેઓની વિરૂદ્ધ પોલીસ જાહેરનામા ભંગનો ગુનો નોંધે છે. જ્યારે નિયમો બનાવનારી મનપા જ છડેછોક નિયમોના ધજીયા ઉડાવે છે.

### શહેર ભાજપ અનુસુચિત જાતિ મોરચા દ્વારા

# મહાનુભાવોની પ્રતિમાની સફાઈ ઝુંબેશનો પ્રારંભ



**કમલેશ મિરાણી, અરવિંદ રૈયાણી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રાજુભાઈ અઘેરા, ડો.દર્શીતાબેન શાહ, પુષ્કર પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

ભારતીય જનતા પાર્ટીના પ્રેરણાસ્ત્રોત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિન તેમજ તા. ૬ જુલાઈ ના રોજ તેમના જન્મદિવસ અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ વોર્ડમાં શહેર ભાજપ અનુસુચિત જાતિ મોરચા દ્વારા શહેરમાં તમામ મહાનુભાવોની પ્રતિમાની આસપાસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ છે. શહેર ભાજપ ઉપપ્રમુખ અને શહેર અનુ.જાતી મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયાની આગેવાનીમાં અનુ.જાતિ મોરચા દ્વારા હોસ્પિટલ ચોક ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા અને મહાત્મા જયોતીબા ફુલેની પ્રતિમા તેમજ ઢેબરભાઈ પ્રતિમા પાસેથી સફાઈ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવેલ.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય અરવિંદ રૈયાણી, મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રદેશ અનુ.જાતી મોરચાના ઉપપ્રમુખ રાજુભાઈ અઘેરા, ડે. મેયર ડો.દર્શીતાબેન શાહ, સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલ, કોર્પોરેટર જયશ્રીબેન ચાવડા, ભારતીબેન મકવાણા, શામજીભાઈ ચાવડા, અનીલભાઈ મકવાણા, સહીતના ઉપસ્થિત રહયા હતા. આ તકે શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના જેન્તીભાઈ ધાધલ, ઈશ્વર જીતીયા, અજય વાઘેલા, શોભીત પરમાર, સંજય બગડા, દીનેશ બારોટ, દીનેશ સોલંકી, જયસુખ બારોટ, અનીલ શ્રીમાળી, પુષ્કર પરમાર, ગૌતમ ચૌહાણ, ભરતભાઈ વાઘેલા, અજય પરમાર, રવી ગોહેલ, જયેશ મેરાણા, અરૂણભાઈ સોલંકી, બંટીભાઈ વાવોદરા, જયદીપ પરમાર, સચીન પરમાર, પરેશ ગોહેલ, પ્રવીણભાઈ વાઘેલા, મોન્ટુ વીસરીયા, ગીરધર રાઠોડ, વીજય પરમાર, ડી.બી. ખીમસુરીયા, જેન્તીભાઈ સોલંકી, અરવિંદભાઈ વાઘેલા, ખોડીદાસ રાઠોડ, વીપુલ દેંગડા, ભરત પરમાર, પંકજ મકવાણા, મોહીતભાઈ મકવાણા, દેવજીભાઈ ખીમસુરીયા, અલ્પેશ મોકરા, લાખાબાપા બગડા, પ્રવીણભાઈ સોઢા, નરેશ ચૌહાણ, રમેશ પરમાર, ગીરધર રાઠોડ, નીલેશભાઈ, પ્રવીણભાઈ ચાવડા, મીનાબેન સરવૈયા સહીતના સફાઈ ઝુંબેશ કાર્યક્રમમાં જોડાયા હતા.(૧.૭)

# એડવોકેટ તુષાર ગોકાણીનો આજે જન્મદિવસ



સૌરાષ્ટ્ર-કચ્છના નામાંકિત તુષાર ગોકાણીનો આજે જન્મદિવસ છે. તેઓ ૩૯ વર્ષ પુરા કરી ૪૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. ખૂબ જ યુવાન વયે વકીલાતની કારકિર્દીમાં તેમને અનેક ફોજદારી અને દિવાની કેસોમાં સીમાચીહ્નરૂપ ચુકાદાઓ મેળવ્યા છે. તેઓ વિશ્વભરમાં જાણીતી એમેઝોન, ડેલ, એમવે, મોન્ટ બ્લેન્ક સહિતની નામાંકિત મલ્ટીનેશનલ કંપનીઓનાં વકીલ તરીકે સેવા આપેલ છે. સામાજિક ક્ષેત્રે પણ તેઓ કાર્યરત છે અને હાલ રાજકોટ લોહાણા મહાજનનાં સભ્ય છે. તેમજ અનેક ચર્ચાસ્પદ કેસોમાં સરકાર વતી સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે તથા આરોપીઓ વતી બચાવપક્ષે હોશપૂર્વક તથા નૈતિકકતાનાં ઉચ્ચ મુલ્યોને અનુસરી પોતાની વ્યવસાયિક કારકિર્દી આગળ ધપાવે છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહનાં હાંસલ કરે તેવી જન્મદિને મિત્રો, સગાસ્નેહી દ્વારા હાર્દિક શુભકામનાઓ સાથે તેમના મો.નં. ૯૮૨૪૨૯૫૫૫૭ ઉપર આજે સવારથી શુભેચ્છા વર્ષા થઇ રહી છે તથા સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ...

# આજે વિમલ પરમારનો જન્મદિવસ




આજે વિમલ પરમારનો જન્મદિવસ છે. તેઓએ ૨૯ વર્ષ પૂરા કરી ૩૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ કોળી સમાજનાં યુવા અગ્રણી રહી સામાજિક ક્ષેત્રે કાર્યરત છે. વિમલએ સખત મહેનત કરી ઉધોગપતિ બન્યા છે. તેમની સમાજ પ્રત્યેની સામાજિક ભૂમિકાથી લોકો પ્રેરાઈ સમાજ સેવામાં જોડાયા છે. તેમના જન્મદિવસ પર મિત્રવર્ગ, પરિવારજનો, સગા-સ્નેહીઓ તથા સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ...

## મોરબીઃ લોહાણા સમાજના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે નોટબુક વિતરણ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** મોરબી, તા.૨૯: મોરબી ઠા. કરશનભાઈ મેઘજીભાઈ કોટક એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ તથા લોહાણા વિદ્યોતેજક ફંડ દ્વારા લોહાણા સમાજના ધો-૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે વિનામુલ્યે ફુલ સ્કેપ નોટબુક વિતરણ કરવામાં આવશે. જેમાં આવતીકાલથી દરરોજ સાંજે ૬ થી ૭:૩૦ કલાક દરમિયાન લોહાણા મહાજન વાડી, સુધારાવાડી શેરી ખાતેથી કરવામાં આવશે. જેમા વિદ્યાર્થીએ વર્ષ ૨૦૨૦ ની માર્કશીટની ઝેરોક્ષ સાથે રાખવાની રહેશે. તેમ ગીરીશભાઈ ઘેલાણી તથા નિકુંજભાઈ કોટકે યાદીમાં જણાવ્યુ છે.(૧૪.૬)

### ડો.શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગત

# શહેર ભાજપ દ્વારા વોર્ડ નં.૧૬,૧૭ અને ૧૮ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

ડો. શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિન તેમજ તા. ૬ જુલાઈ ના રોજ તેમના જન્મદિવસ અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ વોર્ડમાં પર્યાવરણ સંરક્ષણ હેતુ મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ રહયા છે. વોર્ડ નં. ૧૬, ૧૭ અને ૧૮ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં વોર્ડનં .૧૬ માં શાળા નં. ૪૯, મહેશ્વરી સોસાયટી અને રાજારામ મંદીર ખાતે ધારાસભ્ય અરવીદ રૈયાણી, શહેર ભાજપ મહામંત્રી કીશોર રાઠોડની ઉપસ્થિતિમાં વોર્ડ નં. ૧૭ માં સોમનાથ સ્કુલ અને સહકાર રોડ ગ્રાઉન્ડ ખાતે શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવા, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીની ઉપસ્થિતિમાં વોર્ડ નં.૧૮ માં ખોડલધામ રેસીડન્સી અને શીવાલય વાટીકા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયેલ.

આ તકે વોર્ડ નં. ૧૬ માં વોર્ડ પ્રભારી અશ્વિન મોલીયા, વોર્ડ પ્રમુખ ભાર્ગવ મીયાત્રા, વોર્ડ મહામંત્રી જીતુભાઈ સીસોદીયા, જતીન પટેલ, કોર્પોરેટર નરેન્દ્ર ડવ, સુરેશ વસોયા, કંચનબેન સિધ્ધપુરા, રૂચીતાબેન જોષી, તેમજ પવુભા ખાચર, રમેશ ઉધાડ, ઉકાભાઈ લાવડીયા, પ્રવીણ કીયાડા, દીલીપસિંહ જાડેજા, રાજેશભાઈ લીલા, વીનુભાઈ છૈયા, પ્રકાશભાઈ બસીયા, નીશીથ પટેલ, ભરતભાઈ ટોલીયા, રાજુભાઈ સિધ્ધપુરા, નીશીત ચૌહાણ, મનોજ ચાવડા, નાગજીભાઈ રાદડીયા, બકુલ ચોવટીયા, ચાંદનીબેન ગોડલીયા, રેખાબેન ચોટલીયા, કીષ્નાબેન, દેવીકાબેન, ચંપાબેન બાલાસરા, લીનાબેન રાવલ, વોર્ડ ૧૭ માં વોર્ડપ્રભારી શૈલેષ પરસાણા, વોર્ડપ્રમુખ જયંતભાઈ નોંધણવદરા, મહામંત્રી જગદીશ વાઘેલા, યોગેશ ભટ્ટ, કોર્પોરેટર રવજીભાઈ મકવાણા, અનીતાબેન ગોસ્વામી, કીર્તીબા રાણા, ગૌતમ ગોસ્વામી, જયંતીભાઈ સરધારા, વીઠ્ઠલભાઈ અભંગી, મહેન્દ્રભાઈ ગોહેલ, કાન્તીભાઈ જોબનપુત્રા, સુરૂભા ઝાલા, ડો. રીકલ મેઘાણી, ચંદુભાઈ ગરનારા, હરીભાઈ મસાણી, હીતેન્દ્ર વડેરા, પ્રતાપસિહ ઝાલા, વિક્રમભાઈ રબારી, જલ્પેશ પટેલ, અમીતભાઈ ભંડેરી, દીનેશભાઈ ગોંડલીયા, જયપાલ ચાવડા, વીકાસભાઈ મેઘાણી તેમજ, વોર્ડ નં.૧૮માં વોર્ડપ્રભારી જીજ્ઞેશ જોષી, વોર્ડપ્રમુખ શૈલેષ બુસા, વોર્ડ મહામંત્રી હીતેશ ઢોલરીયા, રાજુભાઈ માલધારી, કોર્પોરેટર સંજયસિહ રાણા, સંદીપ ગાજીપરા, ભારતીબેન પરસાણા, દક્ષાબેન વાઘેલા, તેમજ જયેશ લાઠીયા, સુરેશ બોઘાણી, નીલેશ મુંગરા, મનસુખભાઈ ઠુંમર, પ્રકાશબા ગોહીલ, મનોજ પાલીયા, દીનેશ લીબાશીયા, દેવાયતભાઈ ડાંગર, રાજુભાઈ ડાંગર, નટુભાઈ વાઘેલા, દીનેશભાઈ બોરીચા, દીનેશભાઈ કીડીયા, પંકજ લખતરીયા, જય વડગામા, હેમત કપુરીયા, મીતેશ બોરીચા, છાયાબેન કવૈયા, લતાબેન ગોરસીયા, માલતીબેન ચાવડા, રીટાબેન રાઠોડ સહીતના ઉપસ્થિત રહયા હતા.(૧.૭)

# જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની વરણી

## નવનિયુકત જીલ્લા બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોને શુભેચ્છા પાઠવતા ડો.ભરત બોઘરા, રમેશ ધડુક, જયેશ રાદડિયા, કુંવરજી બાવળિયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળની અખબારી યાદીમા જણાવે છે કે, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ સાથે રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી મહેન્દ્રસિંહ સરવૈયા, રક્ષાબેન બોળીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદયભાઈ કાનગડ, જીલ્લા બક્ષીપંચ મોરચાના પ્રભારી મયુરભાઈ માંઝરીયા, રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, જીલ્લા મહામંત્રી સર્વ નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા તથા જીલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ હરેશભાઈ હેરભા, મહામંત્રીઓ નવીનપરી ગૌસ્વામી, કિશોરભાઈ રાઠોડએ પરામર્શ કરીને રાજકોટ જીલ્લા ભાજપના બક્ષીપંચ મોરચાના હોદેદારની વરણી કરવામાં આવેલ છે.

જેમાં જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે રસિકભાઈ નિમ્બાર્ક, મોહિતભાઈ સિંધવ, રમેશભાઈ પરમાર, કમલેશભાઈ બારોટ તેમજ મંત્રી તરીકે ભરતભાઈ મકવાણા, પ્રધુમનભાઈ અગ્રાવત, ભરતભાઈ ખુમાણ, ભીખુજી રજપૂત, ખીમભાઈ લોખીલ, કોષાધ્યક્ષ અમૃતલાલ દેવમુરારી તથા કારોબારી સભ્ય તરીકે કરશનભાઈ ધ્રાન્ગું, રમેશભાઈ ગર, રાજેન્દ્રભાઈ યાદવ, હરસુરભાઈ વાંક, ભીખુભાઈ ગુજરાતી, પ્રભાતભાઈ પરમાર, અવસરભાઈ ધરજીયા, દિનેશભાઈ ચાવડા, દિનેશભાઈ બગથરીયા, દીપકભાઈ બેરાણી, હેમેન્દ્રભાઈ નકુમ, સવજીભાઈ દેવીપુજક, દેવાંગભાઈ કુકાવા, રાજુભાઈ સોલંકી, ધનજીભાઈ દાવડા, પ્રવીણભાઈ ધરજીયા, નીલેશભાઈ ભાડેશીયા, સોશિયલ મીડિયાના ઇન્ચાર્જ નિમેશભાઈ અગ્રાવત, સહ-ઇન્ચાર્જ તરીકે કમલભાઈ કોરિયા તથા નીતિનભાઈ ભેંસજાળીયાની વરણી કરવામાં આવેલ છે.

ઉપરોકત વરણીને પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, સાંસદઓ મોહનભાઈ કુંડારિયા તથા રમેશભાઈ ધડુક, કેબીનેટમંત્રીઓ જયેશભાઈ રાદડિયા તથા કુંવરજીભાઈ બાવળિયા, ધારાસભ્યઓ ગીતાબા જયરાજસિંહ જાડેજા, લાખાભાઈ સાગઠીયાએ નવનિયુકત જીલ્લા બક્ષીપંચ મોરચાના હોદેદારોને ખુબ-ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.(૧૨.૭)

# જિલ્લાના આંગણવાડીના બાળકોને ગણવેશ વિતરણનો કાર્યક્રમ યોજાયો



**૩ થી ૬ વર્ષના ૩૭,૩૩૮ બાળકોને રૂ.૯૬.૭૦ લાખના ગણવેશથી લાભ થશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

રાજકોટ કલેકટર કચેરી ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીના બાળકો માટે ગણવેશ વિતરણનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણીની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ કાર્યક્રમનો ડિજિટલ માધ્યમથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આંગણવાડીના બાળકોનો ઉત્સાહ વધે, તેઓ યુનિફોર્મથી વંચિત ન રહે અને બાળકોમાં એકસુત્રતા જળવાઇ રહે તે માટે બાળકોને ગણવેશ વિતરણ કરવામાં આવી રહયાં છે. આંગણવાડીઓમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળે, પૂરક પોષણ મળે તે માટેનુ કામ થઈ રહ્યુ છે. તેમણે કોરોનાનો કપરો સમય પૂર્ણ થાય અને આંગણવાડીઓ-શાળા-કોલેજો ફરી ખુલે અને તંદુરસ્ત સમાજની સાથે ગુજરાત સુપોષિત બને તેવી શુભકામના પણ આ તકે વ્યક્ત કરી હતી.

રાજકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણીએ કહ્યુ હતુ કે બાળકો એ ભગવાનનું રૂપ છે, આવા બાળકોના ઉછેર-અભ્યાસ માટે આંગણવાડીઓ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ કહ્યુ હતુ કે બાળકોનો યોગ્ય વિકાસ થાય તો જ તેમની એક અલગ ઓળખ બની શકે. આ માટે બાળકો માટે આંગણવાડીઓના માધ્યમથી મહત્વનું કાર્ય થઈ રહયું છે. આ કાર્યક્રમ અન્વયે રાજકોટ જિલ્લાના ૩ થી ૬ વર્ષના ૩૭,૩૩૮ બાળકોને રૂપિયા ૯૬.૭૦ લાખના ગણવેશનું વિતરણ કરવામાં આવશે. જેના પ્રતિક સ્વરૂપે કલેકટર કચેરી ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમિયાન ૧૦ બાળકોને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે મહિલા અને બાળ યુવા પ્રવૃતિ સમિતિના ચેરમેનશ્રી સુનીતા ચાવડા, અધિક નિવાસી કલેકટર પરિમલ પંડ્યા, પ્રાદેશિક નાયબ નિયામક અંકુર વૈધ સહિતના અધિકારી- પદાધિકારીઓ, આંગણવાડીઓની બહેનો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા.(૧૨.૧૧)

# જીનિયસ ગ્રૂપના ચેરમેને જન્મદિવસ પર રકતદાન કેમ્પ યોજાયો

**૪૫ લોકોએ રકતદાન કરી માનવ જીંદગી બચાવવા પોતાનું યોગદાન આપ્યું**




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

રાજકોટની પ્રતિષ્ઠિત જીનિયસ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુશન્સ દ્વારા છેલ્લા ૨૧ વર્ષોથી સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતાના જન્મદિવસ નિમીતે રકતદાન કેમ્પ અને વૃક્ષારોપણ જેવા સામાજીક અને પર્યાવરણલક્ષી કાર્યો દ્વારા લોકજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. તાજેતરમાં સંસ્થા દ્વારા અર્બન ડેક કાફે પાસે મોટામવા ખાતે ૧૦૦ રોપાઓ વાવી અને તેની સારસંભાળ રાખવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. જીનિયસ ગ્રુપના ચેરમેન ડી.વી.મહેતાના જન્મદિવસ નિમીત્તે તા. ૨૫ જૂનના રોજ જીનિયસ સ્કૂલ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા ૪૫ લોકોએ રકતદાન કરી મહામુલી માનવ જિંદગી બચાવવા પોતાનુ યોગદાન આપ્યું હતુ. આ કેમ્પ માટે રાજકોટની ફિલ્ડ માર્શલ બ્લડ બેંક દ્વારા સેવા પૂરી પાડવામાં આવી હતી.

ડી. વી. મહેતાનુ દ્રઢપણે માનવુ છે કે અત્યારે સમાજ માં રકતદાન પ્રત્યે લોકોમાં જે ખોટી માન્યતાઓ પ્રવર્તે છે, લોકો રકતદાન કરતા ખચકાય છે, જેને લીધે હર-હંમેશ રકતની અછત વર્તાય છે, તેને દુર કરવા માટે સમાજને રકતદાન પ્રત્યે જાગૃત કરવો ખુબ જરૂરી છે. તેમાં પણ હાલની કોરોનાની પરિસ્થિતિના કારણે રકતની અછત સર્જાઈ રહી છે. જેના કારણે જરુરિયાતમંદો અને થેલેસિમિયા ગ્રસ્ત દર્દીઓની સારવારમાં વિક્ષેપ પડી રહ્યો છે. આવા સમયે રકતદાન કરવા અને લોકોમાં જાગૃતિ લાવવા વધુને વધુ રકતદાતાઓને આગળ આવવા અનુરોધ કરવામાં આવે છે. આ રકતદાન કેમ્પમાં ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરતભાઇ ગાજીપરા, ગુજરાત સ્પોર્ટસ ઓથોરીટીના સિનિયર કોચ રમાબેન માધ્રા, એફ.આર.સી કમિટી અને કોર કમિટીના સભ્ય અજયભાઇ પટેલ, રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના મંત્રી પરિમલભાઇ પરડવા, રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ કોર કમિટીના સભ્ય અવધેશભાઇ કાનગડ, મંડળના કાલાવાડ રોડ ઝોનના ઉપપ્રમુખ સુદિપભાઇ મહેતા, મહાત્મા ગાંધી સ્કૂલના રાજુભાઇ પરીખ, ઉપરાંત પૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, શૂભેચ્છકો, સ્ટાફ કર્મચારીઓ તેમના પરિવાર દ્વારા રકતદાન કરી આ કેમ્પના આયોજનને સફળ બનાવવામાં આવ્યું હતુ. આ રકતદાન કેમ્પના સફળ આયોજનમાં સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા અને સીઇઓ ડીમ્પલબેન મહેતાના માર્ગદર્શનમાં જીનિયસ ગ્રુપ ઓફ ઇન્સ્ટીટયુશન્સની તમામ સંસ્થાઓના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ તકે ડી. વી. મહેતા દ્વારા તમામ રકતદાતાઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.(૧૨.૮)

### અમુક પ્રતિષ્ઠિત ગણાતી ખાનગી શાળાઓમાં

# વાલીઓને ફી તાત્કાલિક ભરવા દબાણ કરે તો 'આપ' નો સંપર્ક કરવો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

શહેર 'આપ' પાર્ટીનાં પ્રમુખ શિવલાલભાઈ પટેલએ અખબારી યાદીમાં જણાવ્યું કે, શહેર શીવલાલ પટેલ પ્રમુખની અખબારી યાદી જણાવેલ છે કે, સમગ્ર વિશ્વ જયારે કોરોનાની મહામારીમાં સપડાયેલ હોય ત્યારે શિક્ષણનું સ્તર નિમ્ન ના બને તે માટે સાર્થક પ્રયાસ કરવા અને તે માટેના અસરકારક પગલા ભરવા સરકારને અનુરોધ છે. આજે લોકોની આર્થિક સ્થિતિ કફોડી બની છે.

ત્યારે અમુક પ્રતિષ્ઠિત ગણાતી ખાનગી શાળામાં ઓનલાઈન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને ફી તાત્કાલિક ભરવા માટે દબાણ કરવામાં આવે છે તેવા કિસ્સા પણ સામે આવ્યા છે. આજે મહદ અંશે માતા-પિતા પોતાના સંતાનને ખાનગી શાળામાં પ્રવેશ અપાવે છે, ત્યારે સરકારને એક પ્રશ્ન કે સરકારી શાળા સામે ખાનગી શાળા ચઢિયાતી ગણાતી હોય તો જ આવું બની શકે ને? ત્યારે સરકારને આ બાબતે આત્મચિંતન કરવાની જરૂર છે.

સરકારી શાળામાં અધતન સુવિધા અને અધતન ટેકનોલોજી સાથેનું શિક્ષણ આપવામાં તેમજ સુવ્યવસ્થિત સંચાલનની ઉદાસીનતા જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓના વાલી વધારે માહિતી માટે આમ આદમી પાર્ટીના શિક્ષણ સેલના પ્રમુખ દિગ્વિજયસિંહ વાઘેલાનાં મો. ૯૯૭૯૫૯૮૯૯૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.(૧.૭)

# નવનિયુકત મ્યુ.કમિશનરનું એનીમલ હેલ્પલાઈન દ્વારા અભિવાદન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૯

રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનનાં નવનિયુકત કમિશનર અમીત અરોરાને ગૌમાતાની પ્રતિમા, પંચગવ્ય પ્રોડકટસ અર્પણ કરીને એનીમલ વેલફેર બોર્ડનાં મિતલ ખેતાણી, કરૂણા ફાઉન્ટેશન ટ્રસ્ટ- એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ધીરેન્દ્ર કાનાબાર, શ્રીજી ગૌશાળાનાં રમેશભાઈ ઠકકરે અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે અમીતજી સાથે પાણી રીચાર્જ અભિયાન, જીવદયા, ગૌસેવા, પર્યાવરણ સંદર્ભે વાર્તાલાપ પણ સૌ અગ્રણીઓએ કર્યો હતો. મ્યુનીસીપલ કમીશ્નર અરોરાએ જીવદયા, ગૌસેવા, માનવતાનાં સત્કાર્યો અંગે શકય તમામ સહયોગ વ્યકિતગત તેમજ મહાનગર પાલિકા લેવલે આપવાની ખાતરી આપી હતી.(૧૨.૯)



# સુત્રાપાડા ફાટક પાસેથી ટ્રકની ચોરી થતાં નોંધાવી પોલીસ ફરિયાદ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** વેરાવળ, તા.૨૯

સુત્રાપાડાના સુંદરપરા ગામે રહેતા લખમણભાઇ સામતભાઈ પંપાણિયા ની માલિકીનો ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ કોઈ અજાણ્યો ઇસમ ગત તા.૧૯ ના રાત્રીના અગીયાર વાગ્યાથી ગત તા.૨૦ ના સવારના નવેક વાગ્યાના સમયગાળા દરમ્યાન માલીકીનો ટાટા કંપનીનો ટ્રક જેના રજી નં. GJ-11-TT-5656 જેની હાલની કિ.રૂ.૧૩ લાખ ૫૦ હજાર વાળો ટ્રક સુત્રાપાડા ફાટક પાસે આવેલ એસ્સાર કંપનીના પેટ્રોલ પંપની સામે આવેલ ક્રિષ્ના મેડીકલની પાસે આ વેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ હતો જે કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ ગયાની પ્રભાસ પાટણ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી.(૧૨.૩)

# સમસ્ત મહાજન દ્વારા વડનગર પાંજરાપોળમાં રૂ.૧ લાખનું દાન

## ૧,૬૨,૦૦૦ ચો.ફૂટ જમીન પર અદ્યતન સુવિધાયુક્ત પાંજરાપોળનું નિર્માણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારના એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગિરીશભાઈ શાહ અને સાથી ટીમના માર્ગદર્શનમાં સમસ્ત મહાજન દ્વારા અનેકવિધ સુપ્રવૃતિઓ સતત કરવામાં આવે છે. મહેસાણા જીલ્લાના વડનગર અને ખેરાલુ આ બે તાલુકાના નાના-મોટાં અંદાજે ૧૭૫ ગામ વચ્ચે એકમાત્ર પાંજરાપોળ વડનગરમાં વર્ષોથી કાર્યરત છે. જેમાં અશકત, અપંગ, બિમાર, ઘાયલ, વૃધ્ધ, તરછોડેલા અને કતલખાનેથી છોડાવેલા તમામ પ્રકારના નાના-મોટા અબોલ પશુઓને પાળવાનું, પોષવાનું, ડોકટરી સારવારનું અને જીવન પર્યંત સાચવવાનું ઉમદા કાર્ય ચાલી રહયું છે. અહીંના પશુપાલકો, ખેડૂતો અને પ્રજાજનો-દયાભાવના વાળા હોવાથી પોતાના પશુઓ કતલખાને ન આપતાં રડતાં હૃદયે નાછૂટકે પાંજરાપોળમાં મૂકવા આવે છે સાથે યથાશકિત ફાળો કે ઘાસચારો પણ આપતા હોય છે. હાલની પાંજરાપોળની જગ્યા ખૂબ જ નાની પડતી હોવાથી પશુઓને સતત એક જ સ્થળે રાખવા પડે છે. તેમને કોઈ કુદરતી વાતાવરણ મળતુ નથી. મર્યાદિત જગ્યા હોવાને કારણે પશુઓની હાલત ખૂબ જ દયાજનક થઈ જાય છે. વડનગર અને વિસનગર હાઈવે રોડ ટચ અં.૧,૬૨,૦૦૦ (એક લાખ બાસઠ હજાર) ચો.ફૂટ જમીન ઉપર અદ્યતન સુવિધાયુકત આદર્શરૂપ પાંજરાપોળનું નિર્માણ થઈ રહયું છે. આ શુભકાર્ય માટે વડનગર ખોડાંઢોર જીવરક્ષક પાંજરાપોળને સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહના માર્ગદર્શનમાં મિતલ ખેતાણી, રમેશભાઈ ઠક્કર, રેણુકાબેન રમેશભાઈ ઠક્કર દ્વારા રૂબરૂ જઈ રૂપીયા ૧ લાખની ધન રાશી અર્પણ કરાઈ હતી.(૧૪.૪)

# વેરાવળ મફતીયાપરા વિસ્તાર ખારવા સોસાયટીમાં પાણીનો પોકાર

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

વેરાવળ, તા.૨૯


વેરાવળ નગર નગરપાલિકા વોર્ડ નંબર ૮ માં તેમજ અન્ય જગ્યાએ પીવાના પાણી આપવાની પોતાની જવાબદારીમાં નિષ્ફળ ગઇ હોય એવું સામે આવ્યું છે. તેમજ ગરીબ પછાત મજૂર વર્ગની વસ્તી રહેતી હોય પાણી જીવન જરૂરિયાત ચીજ હોય અને સાત સાત દિવસથી પાણી ન આવતા લોકોને પીવાના પાણીની પણ તકલીફ ઊભી થઈ હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે.

ત્યારે બહેનો દીકરીઓ પીવાના પાણી માટે પણ વલખા મારે છે.અને આવી પરિસ્થિતિના કારણે મજૂર વર્ગના લોકોને મજુરી કરવા કામે જવું કે પાણી માટે રજડવા જવું એમ પણ દિવસભર રજડવા છતાં પીવાનું પાણી મળતું નથી. અમુક બેનો બજારમાં બેસીને વાતો કરે છે કે મત જોતા હતા ત્યારે નેતા બનીને ચૂંટણી વેળાએ ઘર-ઘર સુધી આવીને મોટી મોટી વાતો કરતા હતા. પણ આજ સાત સાત દિવસ સુધી પીવાનું પાણી આપતા નથી કે અન્ય વ્યવસ્થા કરતા નથી તેમ જ કોઈ ધ્યાન પણ આપતા નથી. તો આવા લોકોના દિલમાં દયા આવે અને પ્રજાની મુશ્કેલી નિવારે તો સારુ હાલ પાણીના પ્રશ્નથી લોકો ખૂબ જ ત્રાહીમામ પૂકારી ગયા હોય અને નાના બાળકો જાણે તેની મમ્મી પાસે પીવાના પાણી માટે લડતા હોય તેવા દ્રશ્યો જોવા મળે છે જ્યારે બહેનો પાણીના નળ પાસે બાળકો ને બેસાડી હમણાં પાણી આવશે એવું કહી છાના રાખતા હોય અને.પોતે પાણી ની રાહ જોઈ રહી હોય તેવી પરિસ્થિતિ સામે આવી છે.(૧૨.૨)

# ૧ લી જુલાઈએ ડોક્ટર્સ ડે







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

વિશ્વભારમાં ૧ લી જુલાઈ ગુરુવારનાં રોજ ડોક્ટર્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. હાલ કોરોના મહામારીમાં ડોકટર્સ રાત-દિવસ દર્દીઓની સેવા કરે છે. ૧લી જુલાઈએ તમારા ફેમીલી ડોકટર્સ અથવા મિત્ર ડોક્ટર્સને શુભેચ્છા પાઠવવાનો દિવસ છે. આ માટે ડો.યાજ્ઞિક રોડ ઉપર આવેલ જોહર કાર્ડ્સવાળા યુસુફભાઈ તથા હસનેનભાઈ તેમજ કાલાવડ રોડ પર આવેલ જોહર ગેલેરીવાળા જોહરભાઈએ

### જોહર કાર્ડ્સ અને ગેલેરીમાં ડોક્ટર્સ માટે આકર્ષક ગીફટો

ડોક્ટર્સ ડે ની ગીફ્ટ અને કાર્ડ્સ અંગે જણાવેલ કે ડોક્ટર્સને આપવા યુ આર અવર હીરો ડોક્ટર લખેલ ટ્રોફી, ડોક્ટર્સને લગતા અલગ-અલગ લખાણવાળા ક્લિક પેન સ્ટેન્ડ, કોટેશનવાળા ફોટો ફ્રેમ, કીચેઈન, બામ્બુ પ્લાન્ટ વગેરે અનેક ગીફટો તથા ડોક્ટર્સ ડે નાં લખાણવાળા કાર્ડ્સ પણ આવેલ છે.(૧૪.૪)

# 'આત્મમંથન'

## જનસંખ્યા નિયંત્રણ કાયદો Population control Act

હમણાં ઉત્તર પ્રદેશમાં જનસંખ્યા નિયંત્રણ કાયદો અમલમાં મુકવાનો એક પ્રસ્તાવ યોગી સરકારે રમતો મુક્યો, ઘણાં કહશે કે આ તો ચુંટણીલક્ષી ગતકડું છે, ચલો માન્યું પણ શું એ જરૂરી નથી? ચલો વિચારીએ..થોડી હકિકત સમજીએ.


ભારત એ વિશ્વમાં જનસંખ્યા માટે બીજા નંબરે છે, ચીન પછી સૌથી વધું વસ્તી ધરાવતો આપણો દેશ જે રીતે પ્રથમ ક્રમાંક તરફ ધસી રહ્યો છે એ જોતાં આપણાં સૌનું ભવિષ્ય અંધકારમય જ ભાસી રહ્યું છે.

પહેલાંના જમાનામાં પેટ ભરવા માટે ખેતી અને પોતાના રક્ષણ માટે યુધ્ધ કરનારાં લોકો હતાં.આપણો દેશ કૃષિપ્રધાન દેશ હતો અને હજું છે, ખેતી કરવા માટે પરિવારના દરેક સભ્ય કામે લાગતા હોવાને કારણે સદીઓથી ઝાઝા હાથ રળિયામણાએ ઉક્તિ આપણાં માનસપટ પર એ હદે અંકિત થઈ ગઈ કે ધીરે ધીરે એ રળીયામણા હાથ બિહામણા બની ગયાં અને આપણો દેશ બાકીનાં વિશ્વ સાથે કદમ મીલાવવામા પાછળ રહી ગયો તોયે આપણી આંખના ખુલી પણ હવે **'enough is enough'** હવે હાથ ઓછાં રાખીને પગની ઝડપ વધારવી પડશે નહીં તો વિશ્વ ફલક પર ક્યાંય ફેંકાઈ જશું ખબર પણ નહીં પડે.




(મમતા પટેલ-મુંબઈ)

ઈન્દિરા ગાંધી જ્યારે સત્તા પર હતાં ત્યારે એમનાં સુપુત્ર એ નસબંધી કાર્યક્રમ ને ખૂબ ઉત્તેજન આપ્યું હતું, જો સંજય ગાંધી ને આ બાબતે છુટ મળી હોત તો આજે આપણી હાલત કંઈક અંશે સારી હોત ( સંજય ગાંધી પર એવો આક્ષેપ હતો એ તે જબરજસ્તી લોકોની નસબંધી કરાવતાં હતાં પણ જો લોકો સાવ જ નાસમજ હોય અને જબરજસ્તી દેશહિત માટે થતી હોય તો..) મને ખાતરી છે કે મારી આ વાત કે વિચાર સાથે ઘણાં ( લગભગ બધાં જ ) સહમત નહીં થાય, વ્યકિતગત હિત અને લોકશાહીની વાતો કરશે, કોઈ પણ વ્યક્તિનાં નીજી જીવનમાં સરકાર કેવીરીતે દખલ દઈ શકે એવી દલીલો પણ કરશે પણ તમે જ વિચારો, જ્યારે જ્યારે દેશ પર આર્થિક સંકટ આવે છે ત્યારે ત્યારે આ જ સરકાર તમારું પેટ ભરવા અનાજ પણ આપે એવી આશા આપણે રાખીએ છીએ તો એ જ સરકાર દેશહિત ખાતર જનસંખ્યા નિયંત્રિત રાખવા માટે કોઈ પણ કડક પગલાં ભરે તો એમાં ખોટું શું છે?






તમે ક્યારેય વિચાર્યું છે કે શા માટે ગરીબ-પછાત વર્ગ જ વધું બાળકો પેદા કરે છે? લાંબુ વિચારી નહીં શકવાથી એ લોકો પોતાના જ બાળકોને સારું - સક્ષમ ભવિષ્ય નહીં આપી શકે એ વાત તેઓ વિચારતાં જ નથી, પોતાને મનગમતું કંઈક કરવાને અસક્ષમ પ્રજા કંઈ જ ના મળે એટલે સેક્સ કરે છે અને પરિણામે બાળકોની લાઈન લગાવી દે છે, બાળકોને સારું પોષણ કે ભણતર જેવી પાયાની જરૂરિયાત પણ આપી શકવાને સક્ષમ ના હોવાં છતાં વધું બાળકો પેદા કરીને તેઓ દેશ પર બોજો વધારતાં જ જાય છે અને આવાં બોજાને પાળવા - પોષવા નાં ચક્કરમાં દેશ બેવડ વળતો જાય છે.

આજે જ્યારે દેશ અલગ-અલગ મોરચે ટકી રહેવા લડી રહ્યો હોય ત્યારે ફક્ત વસ્તી વધારીને દેશને કંગાળ બનવામાં યોગદાન આપતાં લોકો ફક્ત વસ્તી નથી વધારતાં એક દેખીતી રીતે નિર્દોષ લાગે એવો દોષ કરે છે, અપરાધ કરે છે જેની સજા પેદા થનાર બાળકથી લઈને, પરિવારથી લઈને, સમાજથી લઈને અંતે આખો દેશ ભોગવે છે.

સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી જાગૃતિ એટલાં માટે જ જરૂરી છે કે ગર્ભ ધારણ કરતાં પહેલાં એને સમજાય કે એ શું કરી રહીં છે? માન્યું કે મા બનવું એ સૌભાગ્ય છે પણ ઘડી ઘડી મા બનીને કે નાની ઉંમરથી લાઈનબંધ બાળકો પેદા કરીને એક સ્ત્રી સૌભાગ્ય ને પોતાનાં જ દુર્ભાગ્યમાં બદલી નાંખતી હોય છે. સારાં - નરસાની સમજ એ પાયાની જરૂરિયાત છે.

બચ્ચાં એ અલ્લાહની દેન છે એવી આંધળી સમજ સામે અવાજ ઉઠાવવા માટે પણ સ્ત્રીમાં સમજ હોવી જરૂરી છે કારણ અલ્લાહની દેન સમજીને પેદા કરાયેલાં બાળકોને જીવન જરૂરિયાત પોષણથી લઈને શિક્ષણ સુધીની જવાબદારી સરકારે ઉઠાવવી પડતી હોય છે, વારંવાર બાળકો પેદા કરીને શારિરીક રીતે નિર્બળ બનતી સ્ત્રી પોતે પણ અનેક મુસીબતોનો સામનો કરતી હોય છે અને રોગનો ભોગ બનતી હોય છે.સ્વસ્થ સમાજની રચનામાં સ્વસ્થ સ્ત્રીઓનું હોવું એ મુળભુત જરૂરિયાત છે.

દુકાળ, પુર કે બીજી કોઈ પણ કુદરતી આફત હોય કે પછી **covid pendemic** જેવી વિશ્વવ્યાપી સમસ્યા હોય, જે દેશની જનસંખ્યા નિયંત્રિત હશે એ પહેલો ઉભો થઈ શકશે એ વાતમાં બેમત નથી, કોઈ બે ઘરની આવક સરખી છે, એક ઘરમાં બે બાળકો છે અને બીજાં ઘરમાં આઠ તો તમે જ વિચારો કે કયું ઘર આબાદ રહેશે? આબાદી જ આબાદ રહેવાનું કારણ ના હોઈ શકે એ હવે સમજી જવું પડે. દરેક વાતે અમેરિકાની સરખામણી કરતાં આપણે વસ્તી વધારતી વખતે અમેરિકા ને સાવ ભુલી જ જઈએ છીએ.

અન્ન, પાણી, સારું અને સસ્તું ભણતર, રોજગારી જેવી મુળભુત સુવિધા માટે પણ વસ્તી નિયંત્રણ જરૂરી છે. વસ્તી વધારા સાથે દેશનું ક્ષેત્રફળ નથી વધતું માટે જો વસ્તી હજું વધશે, વધતી જ રહેશે તો ઘર, ટ્રાન્સપોર્ટેશન અને નેચરલ રિસોર્સિસ જેવી બાબતો પર પણ અસર થઈ છે અને થતી રહેશે, આ બધી સમસ્યાઓને વકરવા ના દેવી હોય તો જન નિયંત્રણ કાયદો આવે અને અમલમાં મુકાય એ ખૂબ જરૂરી છે નહીં તો ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થશે એ આગાહીને સાચી પડતાં કોઈ નહીં રોકી શકે.

આપણે સમજી ગયાં હોઈએ તો બીજાને સમજાવવું પડે, આપણી આજુબાજુ જે કોઈ નાસમજ દેખાય એને એની આંખ ખુલે ત્યાં સુધી પાંચ કે દસ પાનાંનુ ભાષણ આપવું પડે, આ જ સાચો સમય છે કે સરકારે જનસંખ્યા નિયંત્રણ કાયદો લાવવો પડે અને એ કાયદાને આપણે આંખ બંધ કરીને સહકાર આપવો પડે.

# વી.વી.પી.ના વિદ્યાર્થીઓ નામાંકિત કંપનીઓમાં પસંદગી




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

કેમીકલ એન્જીનીયરીંગ વિભાગના વિદ્યાર્થીઓનું સારા પગાર સાથે નામાંકીત કંપનીઓમાં પ્લેસમેન્ટ થયેલ છે. નિરમા કેમીકલ દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ યોજાઈ ગયેલ જેમાં: વાઘ કેયુર, વામજા મૌલિક, મછોયા વિશાલ, સખીયા રાજ, પાઘડાર પ્રેયશ, પાણખાણીયા દિક્ષાંત, રાણપરીયા ભૂમિત, સાકરિયા ઉત્તમ, ચૌહાણ નિખીલ, ચોવટિયા કશ્યપ, દવે ઉજ્જવલ, ગાજીપરા કેયુર, મચ્છર સોમીત તેમજ કણસાગરા તેજ પસંદગી પામ્યા છે. દર વર્ષે નિરમા કેમીકલ દ્વારા વી.વી.પી.ના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ માટેની ઉત્તમ તક પુરી પાડવામાં આવે છે.

આ કંપનીમાં દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પસંદગી પામે છે. આ ઉપરાંત અમોલી આ ગેનિક્સ પ્રાઈવેટ લીમીટેડ-વાપીમાં વિદ્યાર્થીઓ: ભટ્ટ મીત, ચડોતરા પાર્થીક, માલવીયા પ્રશાંત, માયાણી મીત, ડોબરીયા દર્શીક તેમજ રાહુલ પરમાર પસંદગી પામ્યા છે. આ કંપનીમાં પણ દર વર્ષે વિદ્યાર્થીઓ પસંદગી પામે છે, તેમજ દરવર્ષે વી.વી.પી. કમ્પોઝાઈટ, સારથી કેમીકલ્સ, સૌરાષ્ટ્ર કેમીકલ્સ, ડોફ્કેટલ વગેરે જેવી નામાંકીત કંપનીઓ કેમીકલના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ માટે આવે છે.

કેમીકલ વિભાગની આ સિધ્ધી બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા, ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે, આચાર્ય ડો. જયેશભાઈ દેશકર કેમીકલ વિભાગના વડા ડો. પીયુષભાઈ વણઝારા, પ્લેસમેન્ટ કમિટિના ઈન્ચાર્જ ડો. જીજ્ઞેશભાઈ જોશી, મેમ્બર્સ પ્રો. જીલેશભાઈ પંડયા તેમજ તમામ કર્મચારીગણ, વિદ્યાર્થી ગણને શુભેચ્છાઓ પાઠવેલ હતી.

### આર્ટિસ્ટ એસો. ઓફ ગુજરાત સંગઠન દ્વારા

# પ્રદેશ પ્રમુખ તથા ઝોન પ્રમુખોનું સન્માન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

નવરચિત સંગઠન આર્ટિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાત (આ.ઓ.જી.) સંગઠન દ્વારા પ્રદેશ પ્રમુખ તથા ઝોન પ્રમુખોનું એક સન્માન કાર્યક્રમનું આયોજન રાજકોટ ખાતે આવેલા બાલ ભવન હોલ ખાતે જિલ્લા પ્રમુખ જુસબભાઈ પરમાર કલ્પેશભાઈ પંડ્યા જાવેદ અઝીઝ આશુતોષ રાજ્યગુરુ અભિનેત્રી ધારા પટેલ દ્વારા રાખવામાં આવેલ અને આ તકે તેઓ નુ સન્માન કરવામાં આવેલ.

સંગઠન વિશે વિસ્તૃત પ્રશ્નો સાથે નવનિયુક્ત પ્રમુખ ભગુભાઈ વાળાનો ઈન્ટરવ્યૂ લેવામાં આવેલ આ તકે પ્રદેશ પ્રમુખ ભગુભાઈ વાળા એ સંગઠન વિશે સઘળી માહિતી આપી કોરોનાના કાળમાં કલાકારોની વ્યથા અને વેદના નો ચિતાર રજૂ કર્યો હતો અને કલાકારો પ્રત્યે સરકાર દ્વારા સંવેદના દાખવવામાં આવે અને કલાકારોની વ્યાજબી માંગણીઓ સ્વીકારવા માટે ઉગ્ર રજૂઆત કરવામાં આવેલ.

આ તકે આર્ટિસ્ટ એસોસીએશન ઓફ ગુજરાતના પ્રદેશ હોદ્દેદારો મયૂર બાપા પટેલ.અભિનેત્રી ધારા પટેલ અભિનેત્રી અર્પિતા સોની ફિલ્મ ડાયરેક્ટર જાવેદ અજીજ, પ્રદેશ પ્રવકતા વૈશાલી પટેલ, રેશમ તન્ના રાણા. સહીત નાં કલાકારો ઉપસ્થિતિ રહિયા હતા.એમ. સોશિયલ મીડિયા વિભાગનાં પ્રદેશ પ્રમુખ વૈશાલી ભગતની અખબરી યાદીમાં જણાવાયું છે.

# ગીર સોમનાથ જિલ્લા શૈક્ષિક મહાસંઘ દ્વારા જિલ્લા તાલુકા કારોબારી બેઠકનો સન્માન સમારોહ યોજાયો



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ગીર સોમનાથ, તા.૨૯

ગીર સોમનાથમાં ગત તા.૨૮ ના કોડિનાર તાલુકા શૈક્ષિક મહાસંઘ ના યજમાન પદે પેઢાવાડા મુકામે રગતિયા બાપાની પાવન ભૂમિ પર જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પટાટ અને જિલ્લા શિક્ષણાધિકારી વાજા સાહેબનાં અધ્યક્ષ સ્થાને તેમજ જિલ્લા સંઘ ચાલક જી જેન્તી ભાઈ ગોહેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગીર સોમનાથ જિલ્લા શૈક્ષિક મહાસંઘની જિલ્લા/તાલુકાની સયુંકત કારોબારી સભામાં આવેલ મહેમાનોનું જિલ્લા અધ્યક્ષ અને જિલ્લા મંત્રી દ્વારા પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરીને કોરોના મહામારીમાં અવસાન પામેલ શિક્ષકોને ૨ મિનિટનું મૌન પાળીને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી. સદસ્યતા અભિયાન તા.૫/૭ એક દિવસમાં જિલ્લાનાં તમામ તાલુકામાં સંગઠનનાં કાર્યકર્તા રજા મૂકીને સદસ્યતા અભિયાન પૂર્ણ કરશે. આ કાર્યક્રમનું સંચાલન જિલ્લા ઉપાધ્યક્ષ મેણશીભાઈ જોટવાએ કરેલ વૃક્ષારોપણ કાર્યક્રમનું સંચાલન જિલ્લા સંગઠન મંત્રી કિશોરભાઈ સોલંકીએ કરેલ,આભાર વિધિ જિલ્લા આંતરિક ઓડિટર જોશી દાદાએ કરેલ. ત્રિવિધ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોડીનાર શૈક્ષિક મહાસંઘનાં અધ્યક્ષ રઘૂસિંહ મોરી અને પ્રદીપભાઈ ઝાલા, ચિરાગભાઈ મોરી, ભીખુભાઈ ગોહિલ, મયુરસિંહ દાહિમા,રવિભાઈ પરમાર અને કોડીનારની ટીમે ખૂબ જહેમત ઉઠાવી હતી.(૧૨.૧)

# રાજકોટના જાણીતા જુનિયર એડવોકેટ ડો. પ્રકાશ ચાવડાનો આજે જન્મદિવસ



રાજકોટના નામાંકીત તથા જાણીતા જુનિયર એડવોકેટ ડો. પ્રકાશ કે ચાવડાનો આજે ૪૦ માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે. આજના જન્મ દિવસની ઉજવણી તેમણે ગરીબ વંચિત/અનાથ બાળકોના આર.ટી.ઈ. ના ઓનલાઈન ફોર્મ મફત ભરાવીને કરી રહયા છે. તેમણે અભ્યાસમાં બી.કોમ., ડી.ટી.એલ.પી., એલ.એલ.બી., એન.ડી., વૈદ્ય વિશારદ, આયુર્વેદ રત્ન તથા હાલમાં એલ.એલ. એમનો ઉચ્ચતર અભ્યાસ ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં તથા **WHO**ની નામાંકીત આંતરરાષ્ટ્રીય સંસ્થા શ્રીલંકામાં હર્બલ મેડીસીનમાં પી.એચ.ડી. ની આંતરરાષ્ટ્રીય ડીગ્રીનો અભ્યાસ કરી રહયા છે. તેઓ એક સારા નેચરોપેથીક ડોકટર પણ છે. તેમણે અંદાજીત ૧૪૦૦ વધારે પરિવારોને વ્યસનમુકત કર્યા છે. તેઓ એક સારા પત્રકાર પણ છે. તેમણે સતયુગ ટાઈમ્સ, નરનારી મતદાતા રાજ, મહેતા નિરોગ ધામ તથા ન્યુ સિને આર્ટીસ્ટ ન્યુઝ પેપર (વિકલી) માં મેનેજીગ તંત્રી તરીકે રહી ચુકયા છે. તેમનાં સગા સબંધીઓ, ડોકટરો, વકીલ મિત્રો, પત્રકાર મિત્રો તથા મિત્ર સર્કલ તરફથી એડવોકેટ ડો. પ્રકાશ ચાવડા (મો.નં. ૯૮૨૪૬૦૧૫૧૧) ને શુભેચ્છા આપી રહયા છે તથા સૌરાષ્ટ્ર ક્રાંતી તરફથી જન્મદિવસની શુભેચ્છા...

# ઘેલા સોમનાથ મહાદેવને મહાકાલનો શણગાર



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** જસદણ: જસદણ નજીક બિરાજમાન ઘેલા સોમનાથ મહાદેવને આબેહૂબ મહાકાલ સ્વરૂપે આકારીત કર્યા.સોમવારના દિવ્ય દર્શન રૂપ ઘેલા સોમનાથ મંદીરના પૂજારી હસુભાઈ જોશી તેમજ ટ્રસ્ટી મનુદાદા શીલુંની રાહબર નીચે શણગાર અદ્ભૂત આકારીત કરાતો હોઈ છે. જેમનો લાભ હજારો શ્રદ્ધાળુઓ મન ભરી છબી આકારીત કરી દર્શનનો લ્હાવો લેતા હોઈ છે.(૧૪.૫)

### આહિર એકતા મંચ-ગુજરાત દ્વારા

# મોરબી જીલ્લા પ્રમુખ તરીકે રમેશ જીલરીયાની વરણી



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

મોરબી, તા.૨૯

આહિર એકતા મંચ ગુજરાતના સ્થાપક અર્જુન આંબલીયા દ્વારા સંગઠનને વધુ મજબુત બનાવવા તમામ જિલ્લાઓમાં યુવાનોની વરણી કરવામાં આવી રહી છે. જેમાં આહિર એકતા મંચ ગુજરાતમાં મોરબી જિલ્લા પ્રમુખ પદે રમેશભાઈ આણંદભાઈ જીલરીયા (લાલાભાઈ) ની નિમણુંક કરવામા આવી છે. ત્યારે તમામ સંગઠનો અને બહોળા મિત્ર વર્તુળ તરફથી લાલાભાઈને શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. આ તકે રમેશભાઈ જીલરીયાએ જણાવ્યું હતું કે, મને આહિર એકતા મંચ મોરબી જિલ્લા પ્રમુખ તરીકે નિયુક્ત કરવા બદલ હું અર્જુનભાઈ આંબલીયા અને સંગઠનનો આભાર વ્યક્ત કરૂ છું. તથા આવનાર દિવસોમાં સંગઠનને વફાદાર રહીને રાષ્ટ્રહિત કાર્ય કરીશું.(૧૪.૧૧)

# ગોંડલનાં મેસપર ગામે કોન્સ્ટેબલની હત્યા કરનાર ચાર આરોપીને આજીવન કેદ

## વર્ષ ૨૦૧૭ માં ચૂંટણીનાં મનદુઃખમાં

## હત્યામાં સંડોવાયેલા બાળ આરોપીનો કેસ જુવેનાઈલ બોર્ડમાં ચાલશેઃ અનિરુદ્ધસિંહ જાડેજાએ પાંચેય આરોપીને હુમલો કરતા નરી આંખે જોયેલા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ગોડલ તાલુકાના મેસપર ગામે ચૂંટણી સબંધી વેર- ઝેર સબબ પોલીસ કોન્ટેબલ નરેન્દ્રસિંહ જાડેજાની હત્યા અને તેના પિતરાઈ અનિરૂદ્ધસિંહ જાડેજાની હત્યાની કોશિશના ગુન્હાઓ સબબ ૪- આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવતો હુકમ ગોંડલનાં સેશન્સ જજ એચ.પી મહેતાએ કર્યો છે.



ગોંડલ તાલુકાના મેસપર ગામમાં વર્ષ ૨૦૧૭ માં થયેલ પંચાયતની ચૂંટણીઓમાં થયેલ હરીફાઈના કારણે મેસપર ગામના રહીસો રાજેન્દ્રસિંહ જટુભા જાડેજા, માધુભા પ્રવિણસિંહ જાડેજા, મયુરસિંહ પ્રવિણસિંહ જાડેજા, ક્રિપાલસિંહ અજીતસિંહ જાડેજા અને બાળ આરોપી અજયસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાનાઓએ ધોળા દિવસે બપોરના સમયે અનિરૂધ્ધસિંહ જાડેજાને મોટર સાઈકલ ઉપરથી પછાડી તેના માથા ઉપર કુહાડીનો ઘા મારી હત્યાની કોશિશ કરી હતી. અનિરૂદ્ધસિંહ પોતાના બચાવ માટે પોતે મરણ ગયેલ હોવાનું નાટક કરેલ જેથી પાંચેય આરોપીઓએ આ વ્યકિત મરી ગયેલ હોવાનું સમજ્યા હતા. આ સમયે સામેથી આવી રહેલ નરેન્દ્રસિંહ જાડેજાને પણ આ પાંચેય આરોપીઓએ મોટર સાઈકલ ઉપરથી પછાડી દઈ તલવાર, ધારીયુ અને કુહાડીથી મારવા માંડ્યા હતા. આ સમગ્ર બનાવ મુત્યુનું નાટક કરી રહેલ અનિરૂધ્ધસિંહ જાડેજાએ પોતે નજરે નજર જોયેલ. ત્યારબાદ પાંચેય આરોપીઓએ બેભાન થઈ ગયેલ નરેન્દ્રસિંહ જાડેજાને તેઓની વાડીએ લઈ ગયેલ અને ત્યા નરેન્દ્રસિંહની હત્યા કરેલ. નરેન્દ્રસિંહનું અપહરણ થયાની સમગ્ર હકિકત અનિરૂદ્ધસિંહ જાડેજાએ જોઈ હતી. તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ બનેલ આ બનાવ બાદ આરોપી રાજેન્દ્રસિંહ જાડેજા તા.૧૩/૦૫/૨૦૧૮ ના રોજ પોલીસ સમક્ષ રજુ થયેલ અને બીજા ૪ - આરોપીઓ તા. ૧૮/૦૫ /૨૦૧૮ ના રોજ પોલીસ સમક્ષ રજુ થયા હતા. પોલીસે આ આરોપીઓના બનાવ સમયે પહેરેલ જે કપડા કાજે કરેલ તે તમામ કપડાઓમાંથી રાજેન્દ્રસિંહ જાડેજાના કપડા ઉપર તથા તેમને ઉપયોગમાં લીધેલ કુહાડી ઉપર ગુજરનાર નરેન્દ્રસિંહ જાડેજાના લોહીના ડાઘ મળી આવ્યા હતા.

આ કેસના પુરાવાના અંતે આરોપીઓ તરફથી બચાવ લેવામાં આવેલ કે, ૫ - આરોપીઓના નામ ફરીયાદમાં જણાવવામાં આવેલ છે. પરંતુ ફકત એક આરોપીના કપડા અને હથિયાર ઉપર ગુજરનારનુ લોહી મળી આવેલ છે. આ કારણે ફરીયાદી આપેલ ફરીયાદમાં ૪- આરોપીના નામ ખોટી રીતે આપવામાં આવેલ હોવાની ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ.

સરકાર તરફે નિમાયેલ સ્પે. પી.પી. એસ.કે.વોરાએ દલીલો કરતા જણાવેલ કે, આરોપી રાજેન્દ્રસિંહ જાડેજાના કપડા અને હથિયાર ઉપર ગુજરનારનું લોહી મળી આવેલ છે. તેથી તેઓએ ગુજરનારની હત્યા કરેલ હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે. અન્ય ૪ આરોપીઓ બનાવ બાદ ૬- દિવસે પોલીસ સમક્ષ રજુ થયેલ હતા. તેથી આ દિવસ દરમ્યાન તેઓએ પોતાના કપડા અને હથિયાર ઉપરનું લોહી સાફ કરી નાખેલ હોવાનું કાયદાકીય અનુમાન થવા પાત્ર છે. આ ઉપરાંત અનિરૂદ્ધસિંહ જાડેજાને મોટર સાઈકલ ઉપરથી પછાડી તેને શરીર ઉપર અસંખ્ય ઈજાઓ કરવી તેમજ નરેન્દ્રસિંહ જાડેજાને ઈજાઓ કરી તેને અર્ધભાન અવસ્થામાં વાડી ઉપર લઈ જવા આ સમગ્ર કાર્યવાહી માટે બેથી વધુ વ્યકિત હોવી અનિવાર્ય છે. ફકત એક જ વ્યકિત આટલા લાંબા સમય સુધી બે બે વ્યકિતઓને ઈજાઓ કરી એકનું મૃત્યુ નિપજાવેલ તે અશકય છે. આ કારણે ફરીયાદમાં જે ૫- આરોપીઓના નામ આપવામાં આવેલ છે તે તમામ આરોપીઓએ ગુન્હો આચરવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ ભજવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ ઉપરાંત રજુઆત કરવામાં આવેલ છે, જે હત્યાની કોશિષનો બનાવ આરોપીઓના ઘરની સામે જ બનવા પામે તે બનાવ અંગે આરોપીઓ કશું જાણતો ન હોય તે માનવાપાત્ર વાત નથી. આ કારણે આરોપીઓ પોતાની નિર્દોષતા સાબિત કરવા ઉપરાંત આ બનાવમાં કયાં અન્ય વ્યકિતઓ હતા અને શા કારણે બનાવ બનેલ હતો તે અંગે કોઈ વિગતો જાહેર ન કરે ત્યારે આરોપીઓએ જ આ હત્યા અને હત્યાની કોશિષના ગુન્હાઓ આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. સરકાર તરફેની આ તમામ ૨ જુઆતો ધ્યાનમાં લઈ નામ, અધિક સેશન્સ જજ એચ.પી.મહેતાએ આરોપીઓ રાજેન્દ્રસિંહ જટુભા જાડેજા, માધુભા પ્રવિણસિંહ જાડેજા, મયુરસિંહ પ્રવિણસિંહ જાડેજા, ક્રિપાલસિંહ અજીતસિંહ જાડેજા નાઓને હત્યા અને હત્યાની કોશિષના ગુન્હાઓ સબબ આજીવન કેદની સજા ફરમાવેલ છે.

આ કેસમાં સરકારની મદદગારી માટે વકિલ નરેન્દ્રસિંહ ઝાલા રોકાયેલ હતા અને સરકાર તરફે સ્પે.પી.પી. તરીકે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયેલા હતા.

# આંગણવાડીનાં ૩ થી ૬ વર્ષના બાળકોને ગણવેશ વિતરણ

## ૧૪ લાખ જેટલા બાળકોને આશરે રૂ. ૩૬ કરોડનાં ખર્ચે ગણવેશ આપવાની યોજના



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજ્ય સરકાર દ્વારા આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકોને ગણવેશ વિતરણ કાર્યક્રમનું રાજયભરમાં જીલ્લા/શહેર કક્ષાનું આયોજન કરવામાં આવેલ. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે સવારે ૧૦:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ, સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકોને પ્રતિકરૂપે ગણવેશ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનો ઓનલાઈન શુભારંભ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવ્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ મેયર ડો.પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રાજકોટ મહાનગરપાલિકાની શીશુ કલ્યાણ, ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળા, વાઈસ ચેરમેન રૂચિતાબેન જોષી, મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર આશિષ કુમાર તથા કોર્પોરેટરઓ ઉપસ્થિત રહેલ.

રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી ગણપતભાઈ વસાવાએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે, મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારે નવી શિક્ષણનીતિ ૨૦૨૦માં પૂર્વ પ્રાથમિક શિક્ષણને મહત્વ આપી, આંગણવાડી ઉપર ભાર મુક્યો છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલે કર્યું હતું. જયારે કાર્યક્રમના અંતમાં શીશુ કલ્યાણ, ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાની આંગણવાડીના ૩ થી ૬ વર્ષના ૯૩૦૫ બાળકો પૈકી ૦૬ બાળકોને ટોકનરૂપે મહાનુભાવોના વરદ હસ્તે ગણવેશ આપવામાં આવેલ.

# સાગરનગરમાં દારૂની ૧૩૨ બોટલ સાથે શખ્સની ધરપકડ

## આજીડેમ પોલીસે રૂ.૪૦ હજારનો મુદામાલ કબજે કરી નાસી ગયેલા એક શખ્સની શોધખોળ આદરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૨૯

શહેરની ભાગોળે આવેલા માર્કેટિંગ યાર્ડ પાછળ સાગર નગરમાં દારૂની ૧૩૨ બોટલ સાથે પોલીસે એક શખ્સની ધરપકડ કરી રૂ.૪૦ હજારનો મુદામાલ કબજે કર્યો છે. આ અંગેની વિગત મુજબ આજીડેમ પોલીસ મંથકના પી.આઈ વી.જે ચાવડાની સુચનાથી પી.એસ.આઈ એમ એમ ઝાલા સહિતના સ્ટાફ વિસ્તાર માં પેટ્રોલિંગ માં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે માર્કેટિંગ યાર્ડ પાસે આવેલા સાગર નગર શેરી નં.૫ માં મગન ભાઈ બ્રાહમણની દુકાની બાજુમાં રહેતા વાસુર ઉર્ફ ગોવિંદ હરણ ના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૩૨ બોટલ કીમત રૂ.૪૦ હજારની મળી આવતા પોલીસે વાસુફ ઉર્ફ મેહુ વરણની ધરપકડ કરી છે પુછપરછમાં દારૂના જથ્થો લાવનાર કુલદીપ ઉર્ફ લાલો ભગુ ધાધવ હાજર નહિ મળી આવતા પોલીસે શોધખોળ આદરી છે.

# તરઘડી ગામ પાસે બાઈકની ઠોકરે યુવાનનું મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ, તા.૨૯

માણાવદરમાં નવા પ્રેસની બાજુમાં રહેતા દાદુભાઈ મશરીભાઇ સોલંકી (ઉ.વ.૫૦) નામના પ્રોઢને પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈ તા. ૧૧/૬ ના સાંજના સમયે રાજકોટ જામનગર રોડપર આવેલા તરઘડી ગામ પાસે ગોકુલપુરના પાટિયા નજીક તેનો નાનોભાઈ રોડ ક્રોસ કરતો હતો ત્યારે બાઈક નંબર જીજે ૩-જે-એફ-૩૯૦ ના ચાલકે રાહદારીને ઠોકરે ચડાવતા તેને શરીરે ગંભીર ઈજા થતાં સારવારમાં ખસેડવામાં આવતા તેનું સારવાર દરમ્યાન હોસ્પિલમાં મોત નીપજ્યું હતું.

# રૈયાધાર સલ્મ ક્વાર્ટરમાં બે વેવાઈ વચ્ચે મારામારીઃ ચાર લોકોને ઈજા

## પુત્રીને તેડી જવા મુદ્દે જમાઈ – સસરા વચ્ચે થયેલી બોલાચાલી મારમારીમાં પરિણમી; સામ – સામે ફરિયાદ દાખલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શહેરના રૈયાધાર સલ્મ ક્વાર્ટરમાં પુત્રીને માવતરેથી તેડી જવા મુદ્દે જમાઈ - વેવાઈ પર રિક્ષામાં આવેલા તેના ૧૦ શખ્સોએ ધોકા પાઈપ વડે હુમલો કરતા પિતા પુત્ર સહિત ૩ ને ઈજા પહોંચી હતી. જ્યારે સામાપક્ષે વેવાઈને પણ ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. યુનિવર્સિટી પોલીસે બન્ને પક્ષોની સામ સામી ફરિયાદ નોંધી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રૈયાધાર સલ્મ ક્વાર્ટરમાં રહેતા મંજૂરી કામ કરતા રાજુ લાભુ સોલંકીનો પુત્ર જીતેશ રાજુ સોલકી તેની પત્નીને માવતરે તેડવા ગયો હતો.જયાં નજીવી બાબતે બોલાચાલી થતા પોતાના ઘરે આવી ગયો હતો. બાદમાં રિક્ષામાં આવેલા વેવાઈ પ્રભાત સોલકી, તેના ભાઈ નારણ સોલંકી, જયદેવ સોલંકી સહિત ૧૦ શખ્સોએ ધોકા પાઇપ વડે તૂટી પડી મિતેષ રાજુ સોલકી, તેના ભાઈ જીતેશ સોલકી, તેના પિતા રાજુ લાભુ સોલંકીને મારમાર્યો હતો.

જ્યારે જમાઇ જીતેશ સોલંકીએ વળતો હુમલો કરતા સામાં પક્ષે પ્રભાત ખીમજી સોલંકી ( ઉ.વ ૪૩ રહે આંબેડકર નગર ) ને પણ ઇજા થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. યુનિવર્સિટી પોલીસે બન્ને પક્ષોની સામ સામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં 'આપ'માં જોડાયેલા મહેશ સવાણીના શુભેચ્છા આપતા પોસ્ટરો હટાવાયા

## નિયમ વિરૂદ્ધ બેનર લાગ્યા હોવાના નામે બેનર હોર્ડિંગ હટાવાયાઃ મહેશ સવાણીએ કહ્યું કે, ભાજપ દ્વારા કિન્નાખોરી દાખવવામાં આવી

(એજન્સી સમાચાર)

સુરત,તા.૨૯

સુરતમાં આમ આદમી પાર્ટીનું રાજકીય વધતું જાય છે. આપમાં રાજકીય કાર્યકરોથી લઈને સમાજસેવો અને ઉદ્યોગપતિ પણ જોડાઈ રહ્યા છે. ત્યારે સામાજિક અને ઉદ્યોગક્ષેત્ર સાથે જોડાયેલા મહેશ સવાણી આમ આદમી પાર્ટીમાં જોડાતા જ વરાછા વિસ્તારમાં તેમને શુભેચ્છા આપતા બોર્ડ લાગી ગયા હતાં. જેથી બેનર અને હોર્ડિંગ પાલિકા દ્વારા હટાવવામાં આવ્યાં હતાં. નિયમ વિરૂદ્ધ બેનર લાગ્યા હોવાના નામે બેનર હોર્ડિંગ હટાવાયા હતાં. જેથી મહેશ સવાણીએ કહ્યું કે, ભાજપ દ્વારા કિન્નાખોરી દાખવવામાં આવી રહિ છે.



આપમાં જોડાયેલા મહેશ સવાણીને શુભેચ્છા આપતાં બેનરો વરાછા સહિત સરથાણા, યોગીચોક, પુણા, હીરાબાગ સર્કલ તમામ વિસ્તારોમાં લગાડવામાં આવ્યા હતાં. સવારથી કોર્પોરેશનની અલગ-અલગ ઝોનની ટીમ દ્વારા જે તે વિસ્તારના મહેશ સવાણીના લાગેલા તમામ બેનરો પોસ્ટરો ઉતારી લેવાની કામગીરી શરૂ કરાઇ હતી.

આપમાં મહેશ સવાણી જોડાવાની સાથે જ અનેક બાબતોને લઈને ચર્ચાએ જોર પકડયું હતું. મહેશ સવાણી જોડાયા ત્યારથી જ તેમને હેરાન કરાશે તેવી અટકળો હોવાનું કહેતા આપના નેતાઓએ કહ્યું કે, સતા પક્ષ પોતાની સત્તાનો ગેરઉપયોગ કરીને લોકોને હેરાન કરવાનું ષડયંત્ર યોજી રહ્યું છે.

# અંકલેશ્વરના સરફુદ્દીન ગામ પાસેથી ભંગાર ભરેલ ટેમ્પો ઝડપાયો

## રૂરલ પોલીસે ટેમ્પા ચાલકની અટકાયત કરી ૮૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર રૂરલ પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમ્યાન સરફુદ્દીન ગામ પાસેથી લોખંડની એંગલો સહીતનો ભંગાર ભરેલ ટેમ્પાને ઝડપી પાડ્યો હતો.

પોલીસે ગડખોલની જનતા નગરમાં રહેતા ચંદ્રશેખર વર્માની અટકાયત કરી ૭ હજાર ઉપરાંતની કિંમતનો લોખંડનો ભંગાર અને ટેમ્પો મળી કુલ રૂપિયા ૮૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરના સંજાલી ગામેથી શંકાસ્પદ બાઈક સાથે એક ઝડપાયો

## તાલુકા પોલીસે રૂ. ૨૦ હજારની બાઈક કબ્જે કરી





(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર રૂરલ પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન સંજાલી ગામના તળાવ ફળીયામાં એક શખ્સ ચોરીની બાઈક વેચાણ કરવા ફરી રહ્યો હોવાની બાતમીના આધારે સંજાલી ગામે વોચ ગોઠવી હતી દરમિયાન એક શખ્સ બાઈક લઈને આવતા તેને રોકી પુછપરછ કરતા તે મુળ અમદાવાદના દસકોઈ તાલુકાનો અને હાલ સંજાલી ગામે રહેતો પુનાજી ઠાકોર હોવાનુ જણાવ્યુ હતુ રૂરલ પોલીસે બાઈકના દસ્તાવેજ અંગે પુછપરછ કરતા તેણે સંતોષકારક જવાબ નહી આપતા તેની અટકાયત કરી રૂ.૨૦ હજારની બાઈક કબ્જે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

## ભરૂચના યુવાને MBBS પછી પોસ્ટ ગ્રેજ્યુએટના એડમિશનના નામે

# રૂ.૫૩ લાખ પડાવનાર મુંબઈના મુન્નાભાઈ ડે.ડીન એન પાર્ટનરની ધરપકડ

## દેશભરમાં ટોળકીએ મેડિકલમાં પ્રવેશના નામે લાખોની ઠગાઈ કર્યાના ૮ થી ૧૦ ગુના નોંધાયેલા



(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ, તા.૨૯

ભરૂચના MBBS થયેલા યુવાનને પોસ્ટ ગ્રેજ્યુએટ (MS કે MD) માટે મુંબઈ કોર્પોરેશનની સાયન હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજમાં એડમિશનના નામે મુન્નાભાઈઓની ટોળકીએ મામુ બનાવી ₹૪૩ લાખ પડાવી લીધા હોવાની ઘટના ભરૂચ પોલીસે મુંબઈ સાયન હોસ્પિટલના પૂર્વ ડે. ડીન સહિત તેના પન્ટરની ધરપકડ કરી છે.ઠ

ભરૂચની ભક્તિવાલા સોસાયટીમાં રહેતાં અને નિવૃત્ત જીવન ગુજારતાં આદમ વલી પટેલના પુત્ર મોહસિને ખઇઇજ્નો અભ્યાસ પુર્ણ કર્યાં બાદ તે પોસ્ટ ગ્રેજ્યુએશનની તૈયારીઓ કરી રહ્યો હતો. દરમિયાનમાં ગત વર્ષ જૂલાઇ મહિનામાં એક શખ્સ તેમના મોબાઇલ પર ફોન કરી પોતાની રિતમ શર્મા તરીકેની ઓળખ આપી તેમની સાથે વાત કરી હતી.

આદમભાઈ ને જણાવ્યું હતું કે, તેમના પુત્ર મોહસીનનું મુંબઇ મહા નગરપાલિકામાં સાયન હોસ્પિટડ ઇન સર્વિસ કોટામાં એડમિશન કરાવી આપી શકે છે. સાયન લોકમાન્ય તિલક હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજના ડીન સાથે તેઓ વાત કરાવી શકે છે. તેમ વાતોમાં ભોળવતાં તેઓ પરિવાર સાથે મુંબઇ ગયાં હતાં. જ્યાં ડો. રાકેશ વર્મા, લવકુમાર ગુપ્તા, વિશાલ રાદરિયા, મુકેશ મિશ્રા, આદિત્ય અને સાગર નામના શખ્સોને હોસ્પિટલના ડેપ્યુટી ડીન તેમજ હોસ્પિટલના અલગ અલગ કર્મચારીઓ તરીકે ઓળખ કરાવી હતી.

પહેલાં ₹૬૦ લાખમાં અને બાદમાં ₹૪૩ લાખમાં એડમિશન આપવાનું ફાઇનલ કર્યું હતું. જેના પગલે તેઓએ તબક્કાવાર રીતે તેમને આંગડિયામાંથી તેમજ છ્ટત્ર્જ થી તમામ રૂપિયા ચુકવ્યાં હતાં. જોકે, બાદમાં ડ્પ્યુટી ડીન તરીકે મળેલાં રાકેશ વર્માને સસ્પેન્ડ કર્યાં હોવાનું તેમજ હોસ્પિટલે આ પ્રકારનું કોઇ એડમિશન આપ્યું ન હોવાનું માલુમ પડતાં તેમની સાથે ઠગાઇ થઇ હોવાનું જણાયું હતું. જેના પગલે આદમભાઈ એ આખરે ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકે માર્ચ મહિનામાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. લાખોની ઠગાઈ કરાયાના ૮ થી ૧૦ ગુના નોંધાયેલા છે. ગેંગના કેટલાક સભ્યો વોન્ટેડ છે તો કેટલાક હાલ જેલમાં છે.(૧૨.૧૦)

# બિલ્ડર ખૂન કેસમાં આરોપીની અપીલ ફગાવતી હાઈકોર્ટ

## સેશન્સ કોર્ટ ફરમાવેલ આજીવન સજાનો હુકમ કાયમ રાખતી હાઈકોર્ટઃ આણંદપરની જમીન મુદ્દે બિલ્ડરને છરીનાં ઘા ઝીંકી શખ્સે હત્યા નિપજાવી'તી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટના ટોચના બીલ્ડર ડાયાભાઈ કોટેચાની સને -૨૦૦૯ માં તેની જ ઓફિસમાં છરીના ઘા મારી મૃત્યુ નિપજાવવાના કેસમાં પકડાયેલ આણંદપરના શૈલેન્દ્ર બચુ જાડેજાને રાજકોટ સેશન્સ અદાલત દ્વારા કરવામાં આવેલ આજીવન કેદની સજાના હુકમ સામે કરાયેલ અપીલ હાઈકોર્ટે નામંજુર કરી છે.

આ ચકચારી બનાવ અંગેની વિગત એવી છે કે, રાજકોટમાં જમીન-મકાનના વ્યવસાયમાં ટોચનું સ્થાન ધરાવતા અને સમાજસેવી ડાયાભાઈ કોટેચાને આણંદપર ગામના શૈલેન્દ્ર બન્યું જાડેજાએ આણંદપરની સર્વે નં. ૪૪૧ ની જમીનના વિવાદ સંદર્ભે તા.૨૫/૦૩/૨૦૦૯ સાંજના સમયે ફુલછાબ ચોકમાં આવેલ સ્ટાર પ્લાઝા બીલ્ડીંગમાં તેમની ઓફિસમાં જ બેફામ છરીના ઘા મારી મૃત્યુ નિપજાવતા બનાવની ફરીયાદ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં જાહેર થયેલ હતી. આરોપી સામેનો કેસ રાજકોટની સેશન્સ અદાલતમાં ચાલતા જે-તે સમયે સરકાર દ્વારા વરિષ્ઠ ધારાશાસ્ત્રી સ્વ.મોહનભાઈ સાયાણીની સ્પે. પી.પી. તરીકે નિમણુંક કરાયા હતા. જયારે ફરીયાદ પક્ષે શરૂઆતથી જ એડવોકેટ તુષાર ગોકાણી કેસની દોર સંભાળતા હતા. પ્રોસીકયુશને કેસમાં કુલ -૩૭ સાહેદો તપાસેલ અને આશરે ૨૦૦ થી વધારે દસ્તાવેજો રજૂ કરેલ તેમજ જે- તે સમયે રાજકોટ ક્રાઈમ બ્રાંચના એ.સી.પી. તરીકે ફરજ બજાવતા એન.એ. મુનીયાએ ખામીયુકત તપાસ કરેલ હોવાનું ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પર આવતા ફરીયાદપક્ષે તટસ્થ અને યોગ્ય વિશેષ તપાસ થવા અરજી કરતા તે અરજ અન્વયે જે- તે સમયના પોલીસ કમીશ્નર ગીથા જોહરીના સીધા માર્ગદર્શન હેઠળ ટીમ બનાવી આરોપી વિરૂધ્ધના પૂરાવાઓ એકઠા કરવામાં આવેલ જે તમામ પૂરાવાઓ ધ્યાને લીધા બાદ રાજકોટના અધિક સેશન્સ જજ એ.એન.અંજારીયા આરોપીને ગુજરનારનું ખૂન કરવા અને પૂરાવાનો નાશ કરવા સહિતની ઈ.પી.કો. કલમ- ૩૦૨, ૪૫૦, ૨૦૧, ૧૮૮ સહિતની કલમો હેઠળ તકસીરવાન ઠરાવી આરોપીને આજીવન કેદની સજા તથા દંડનો હુકમ ફરમાવેલ હતો.

જયારે સરકાર તરફે મુખ્ય સરકારી વકિલ અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્રી મિતેશભાઈ અમીને પણ અપીલ રદ કરવા વિસ્તૃત દલીલો કરેલ હતી. તમામ પક્ષકારોની દિવસો સુધી ચાલેલ દલીલોના અંતે હાઈકોર્ટના જસ્ટીસ એ.જે. દેસાઈ અને એ.એસ.સુપૈયાની ખંડપીઠે આરોપીની અપીલ નામંજુર કરતા ઠરાવેલ હતું કે, તમામ દસ્તાવેજો અને પૂરાવાઓ ધ્યાને લેતા ગુજરનારનું મૃત્યુ એકમાત્ર આરોપી શલેન્દ્રએ જ છરી વતી કરેલ હોવાનું ચોકકસ પૂરવાર થાય છે. તેમજ આરોપીના મોબાઈલ લોકેશન અને આરોપીના કપડા પરથી મળી આવેલ લોહીના ડાઘ પણ આરોપી સામે ફરીયાદપક્ષે રજૂ કરેલ પૂરાવાને સમર્થન આપે છે. જેથી સેશન્સ અદાલતે પોતાના ચૂકાદામાં આપેલ તમામ કારણો સચોટ અને કાયદા મુજબના હોય આરોપી સામેનો કેસ સાબીત માની જે આજીવન કેદની સજા આરોપીને કરવામાં આવેલ છે તે વ્યાજબી અને ન્યાયીક છે તેમ ઠરાવી આરોપીએ સજા રદ કરવા કરેલ અપીલ નામંજુર કરી આરોપીની આજીવન કેદની સજા કાયમ રાખી હતી.

આ કામમાં મૃતક ડાયાભાઈ કોટેચા પરીવાર વતી ગુજરાત હાઈકોર્ટમાં વરિષ્ઠ ધારાશાસ્ત્રી યોગેશભાઈ લાખાણી, તુષાર ગોકાણી, પ્રતિક જસાણી, ખીલન ચાંદ્રાણી, રીપન ગોકાણી, સ્તવન મહેતા, કેવલ પટેલ, હાર્દિક શેઠ, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, કૃણાલ વિંધાણી, ઈશાન ભટ્ટ, વિરમ ધરાંગીયા રોકાયેલ હતા.

## શહેરમાં આજે બપોર સુધીમાં કેસની સંખ્યા શૂન્ય, કુલ કેસ ૪૨૭૦૪ થયા



રાજકોટઃ રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાય રહ્યો છે. આજે બપોર સુધીમાં રાજકોટમાં કેસની સંખ્યા શૂન્ય છે. શહેરમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૨૭૦૪ પર પહોંચી છે. તેમજ અલગ અલગ હોસ્પિટલમાં ૧૨૯ દર્દી સારવાર હેઠળ છે. ગઇકાલે ૧૯ દર્દી કોરોનામુક્ત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. રાજકોટ શહેરમાં આજે બપોરે ૧ વાગ્યા સુધીમાં કોરોના સામેની રસીકરણમાં ૧૮ વર્ષથી ૪૪ વર્ષના કુલ ૧૮૩૦ અને ૪૫ વર્ષથી મોટી ઉંમરના કુલ ૮૩૬ સહિત કુલ ૨૬૬૬ નાગરિકોએ રસી લીધી છે.

## સૌરાષ્ટ્રમાં સાઉથની મગફળીની પડતર કિંમત રૂ.૧૦૦ ઓછી આવતા સિંગતેલના ભાવઃ સાઉથના વેપારીઓ સૌરાષ્ટ્રમાંથી મગફળી ખરીદે છે, તેના બદલે પહેલીવાર સૌરાષ્ટ્રમાં વેચી



### ફી લાલચું સંચાલકો બાળકોના જીવ જોખમે મુકી સંસ્થાઓ પર બોલાવે છેઃ એનએસયુઆઇ

# પોદાર જમ્બો કીડઝ અને સૌરાષ્ટ્ર સાયન્સ ઈન્સ્ટિટયૂટના સંચાલકો ભાગી ગયા

### રાજકોટ જિલ્લા એનએસયુઆઇ દ્વારા રેડ કરતા પોદાર જમ્બો કીડઝમાં ૩૦થી વધુ બાળકો જોવા મળ્યા






## સૌરાષ્ટ્રમાં ઈન્સ્ટિટયૂટમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, માલવીયા પોલીસ દોડી ગઇ

રાજકોટ.તા.૨૯


કોરોનાની બીજી લહેર ધીમી પડી ગઈ છે. નિષ્ણાંતો દ્વારા ત્રીજી લહેરની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તંત્ર દ્વારા કોરોનાની ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. જેમાં કોઇ પણ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમનો ભંગ થાય તો તેની વિરૂદ્ધ કાયદાનો દંડો ઉગામી જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવશે તેમજ હાલમાં કોઇ ટયુશન કલાસ ચાલુ કરવા નહીં. ઓનલાઇન શિક્ષણ આપવાનું રહેશે.

આજે રાજકોટના અમીન માર્ગ રોડ પર પ્લે હાઉસ અને ટયુશન કલાસિસ ચાલુ હોવાની ફરિયાદ મળતા રાજકોટ જિલ્લા એનએસયુઆઇ દ્વારા રેડ પાડવામાં આવી હતી. અહીં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનું કોચિંગ અને બાળકોનું પ્લે હાઉસ ચાલતું હોવાનું સામે આવ્યું હતું.બાદમાં માલવિયાનગર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના અમીન માર્ગ પર આવેલા પોદાર જંબો કિડ્સમાં બાળકોને અભ્યાસ કરાવવામાં આવતો હોવાની ફરિયાદ એનએસયુઆઇને મળી હતી. આથી રેડ કરવામાં આવી હતી.

(અનુ.પાના નં.૪ ઉપર)

# જમ્મુમાં ડ્રોન એટેકના પગલે રાજકોટ એરપોર્ટ પર એલર્ટ

### સુરક્ષા જવાનોનાં પોઈન્ટમાં વધારો : એરપોર્ટ પર આવતા-જતા વાહનો ઉપર બાજ નજર સાથે આસપાસના વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

જમ્મુના એરફોર્સ સ્ટેશન પર ડ્રોન એટેક બાદ દેશભરના તમામ એરપોર્ટ ઉપર એલર્ટ જારી થતા રાજકોટ એરપોર્ટની સુરક્ષામાં વધારા સાથે મુસાફરો અને અન્ય લોકો સાથો સાથ વાહનોની તપાસ કરવામાં આવી છે.

પરંતુ ડ્રોન એટેકના પગલે સ્થાનિક પોલીસનું પણ એરપોર્ટ આજુબાજુ પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે. સામાન્ય દિવસોમાં પણ એરપોર્ટની સુરક્ષા બાબતે ખાસ તકેદારી રાખવામાં આવે છે. રાજકોટ એરપોર્ટમાં સુરક્ષા માટેના પોઇન્ટ વધારી દેવામાં આવ્યા છે. એરપોર્ટ પર આવતા જતા વાહનો અને માણસો ઉપર બાજ નજર સાથે એરપોર્ટ ટર્મીનલમાં પ્રવેશતા તમામ મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે. સીઆઇએસએફ જવાનો સાથે ડોગ સ્કવોડ પણ તૈનાત છે. આ ઉપરાંત જવાનો સાથે સ્થાનિક પોલીસનો પણ સુરક્ષામાં ઉમેરો કરાયો છે. એરપોર્ટની આજુબાજુ પોલીસ દ્વારા પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યુ છે.

# પંજાબમાં 'આપ' જીતશે તો વીજળી મફત : કેજરીવાલ



નવી દિલ્હી: પંજાબમાં આવતા વર્ષે થનાર વિધાનસભા ચૂંટણી પહેલા દિલ્હીના મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે સોમવારે જાહેરાત કરી કે જો પંજાબમાં તેમનો પક્ષ ચૂંટણી જીતશે તો રાજ્યમાં મફત વીજળી આપવામાં આવશે. પોતાના ચંદીગઢ પ્રવાસના એક દિવસ પહેલા આપ નેતાએ એવો પણ દાવો કર્યો કે પંજાબમાં મહિલાઓ મોંઘવારીથી બહુ જ નારાજ છે.

# રાત્રી કર્ફ્યુ ઘટતા એસટી દ્વારા વધુ બસો દોડાવાશે

### આજથી હવે ૩૫૦ થી ૪૦૦ બસોનું સંચાલન : આવકમાં પણ ધરખમ વધારો : ડેપોની ૧૨ તો ડિવીઝનની આવક ૩૨ લાખે પહોંચી



રાજકોટ તા. ૨૯ :

ગુજરાત સરકારે રાત્રે ૧૦ થી ૬નો કર્ફ્યુ જાહેર કર્યો છે, પરંતુ તેમાં એસટીને સરકારે કર્ફ્યુમાંથી મુકિત મળતા હવે રાજ્યભરના ડેપો ઉપર રાત્રે પણ બસોનું આવન-જાવન આજથી શરૂ થઇ જશે.

રાજકોટની વાત કરીએ તો રાજકોટ એસટી ડિવીઝન દ્વારા હાલ ૭૫ ટકાની છૂટ સાથે ૨૫૦ બસોનું રોજ સંચાલન થાય છે, હવે આજથી રોજની ૧૦૦ બસો વધુ આવશે, આ પહેલા દરરોજ રાત્રે રાજકોટથી બસો બાયપાસ થતી પરંતુ હવેથી આજથી બસો રાજકોટ ડેપોની અંદર આવી શકશે. પરીણામે ટ્રાફિક પણ વધશે, અધિકારી સૂત્રોના ઉમેર્યા પ્રમાણે આજથી હવે ૩૫૦થી ૪૦૦ બસોનું સંચાલન થશે, આવકમાં પણ વધારો થયો છે, રાજકોટ ડેપોની આવક હવે ૧૨ થી ૧૩ લાખે પહોંચી છે તો ડિવીઝનની આવક ૩૨ લાખે પહોંચી છે. કર્ફ્યુમાં છૂટછાટ મળતા અમદાવાદ, જામનગર, મોરબી, જૂનાગઢ, કાલાવડ, ભૂજ, ભાવનગર, અમરેલી, વડોદરા તરફથી કુલ ૯૯ ગાડીઓમાં શુક્રવારથી વધારો થશે. અમદાવાદ માટે સવારે ૪ વાગ્યાથી, જામનગર માટે સવારે ૫ વાગ્યાથી, મોરબી માટે સવારે ૫.૩૦ વાગ્યાથી, જુનાગઢ માટે સવારે ૫.૦૦ વાગ્યાથી, કાલાવડ માટે સવારે ૩.૩૦ વાગ્યાથી, ભુજ માટે સવારે ૫ વાગ્યાથી, ભાવનગર તરફ માટે સવારે ૫ વાગ્યાથી, અમરેલી તરફ માટે પણ સવારે ૫ વાગ્યાથી, બરોડા માટે સવારે ૪.૩૦ વાગ્યા થી વાહનો મળી રહેશે.

# વેરા વળતર યોજનાનો કાલે છેલ્લો દિવસ



### મનપાના તમામ સિવિક સેન્ટરોમાં સાંજના ૬ સુધી અને ઓનલાઈન રાત્રીના ૧૨ વાગ્યા સુધી મિલ્કત વેરો ભરી શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૯

મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, અને દંડક સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું છે કે ૨૦૨૧-૨૨ના વર્ષમાં તા.૩૦ જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલકતધારકને ૧૦% વળતર તથા મહિલા મિલકત ધારકોને વધારાના ૫% વળતર એટલે કે ૧૫% અને તા.૩૧ જુલાઈ સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલકત ધારકને ૫% અને મહિલા મિલકત ધારકને ૧૦% વળતર આપવાનું મંજુર કરાયેલ છે. આ બંને યોજનામાં ઓનલાઈન મિલ્કત વેરો ભરનાર મિલકતધારકને વિશેષ ૧% વળતર આપવામાં આવશે.

આવતીકાલે ૧૦% વળતર યોજનાનો અંતિમ દિવસ છે. વધુ ને વધુ મિલકતધારકો વળતર યોજનાનો લાભ લે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના તમામ સિવિક સેન્ટરોમાં સાંજના ૬ વાગ્યા સુધી કેશ/ચેક દ્વારા અને ઓનલાઈન રાત્રીના ૧૨વાગ્યા સુધી મિલ્કત વેરો ભરી શકશે.

**વધુ મિલકતધારકો વળતર યોજનાનો લાભ લેવા અપીલ**

### રાજકોટમાં કોવિશિલ્ડ વેક્સિનનો એક પણ ડોઝ ઉપલબ્ધ નથી, બીજા ડોઝ માટે લોકોના ધક્કા

# રાજકોટમાં ૧૦૦ કેન્દ્રમાંથી આજે માત્ર ૪૨ કેન્દ્ર જ ચાલુ

**રોજના ૨૦ હજારના લક્ષ્યાંક સામે માત્ર ચોથા ભાગનું વેક્સિનેશન**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૯



રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ વેક્સિનેશન કરી રસીકરણ મહાઅભિયાન શરૂ કરવાના બણગા ફૂકયા હતા. જોકે તેની સામે વેક્સિનેશનના આ મહાઅભિયાનનો મહા ફિયાસ્કો થયો છે. લોકો વેક્સિન લેવા સામે ચાલીને આવી તો રહ્યા છે. પરંતુ વેક્સિનના અપુરતા જથ્થાના કારણે લોકો પરેશાન થઇ રહ્યા છે અને કેન્દ્ર પર રોજ ખાલી ધક્કા ખાવા પડી રહ્યા છે. આજે રાજકોટમાં મહાઅભિયાનની શરૂઆત થઈ ત્યારે ૧૦૦ કેન્દ્રો પર વેક્સિનેશન થતું હતું. રોજ ૫થી ૬ હજાર લોકોને વેક્સિન આપવામાં આવી રહી છેઆજે ૪૨ કેન્દ્ર પર રસીકરણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જોકે સતત બીજા દિવસે કોવીશિલ્ડનો જથ્થો રાજકોટને મળ્યો નથી. તેના કારણે સૌથી વધુ મુશ્કેલી સર્જાય રહી છે. રાજકોટ મનપા દ્વારા રોજ ૨૦,૦૦૦ લોકોને વેક્સિન આપવાના લક્ષ્યાંક સાથે શરૂઆતના તબક્કે ૧૦૦ કેન્દ્ર પર રસીકરણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આજે દિન પ્રતિદિન વેક્સિનના અભાવે કેન્દ્રો બંધ કરવામાં આવી રહ્યા છે. રાજકોટમાં આજે માત્ર ૪૨ કેન્દ્ર પર રસીકરણ પ્રક્રિયા કાર્યરત છે. જે રવિવારે ૬૦ કેન્દ્ર પર ચાલુ હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪ દિવસથી પરિસ્થિતિ એવી છે કે લક્ષ્યાંકના ચોથા ભાગનું રસીકરણ માંડ થઇ રહ્યું છે. એટલે કે ૨૦,૦૦૦ ના લક્ષ્યાંક સામે માત્ર ૫થી ૬૦૦૦ લોકોને વેક્સિન આપવામાં આવી રહી છે. તંત્રમાં મેનેજમેન્ટનો અભાવ જોવા મળી રહ્યો છે. જે લોકોએ વેક્સિન આપી તેમને બીજા ડોઝ સમયસર આપી નથી શકતા અને યુવાનો તેમજ ૪૫ વર્ષથી વધુને વેક્સિન આપવાની વાતો કરી રહ્યા છે. આ જોતા એક વાત ચોક્કસ છે કે વેક્સિન ન મળતા લોકોમાં આક્રોષ જરૂર જોવા મળી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાના નાયબ આરોગ્ય અધિકારી ડો.પંકજ રાઠોડે જણાવ્યું હતું કે, આજે રાજકોટ શહેરમાં ૪૨ કેન્દ્ર પર રસીકરણ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને કોવેક્સિનના ૬૦૦૦ ડોઝ રાજકોટ મનપાને ફાળવવામાં આવ્યા છે.

**લોકો વારંવાર રસીકરણ કેન્દ્ર પર વેક્સિન લેવા માટે ધક્કા ખાય રહ્યા છે**

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગોહિલવાડમાં રાત્રે વીજળીના કડાકા - ભડાકા સાથે ભારે વરસાદ



### રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મિશ્ર વાતાવરણનો માહોલ : ગઇકાલે રાજકોટ, જૂનાગઢ, અમરેલી જિલ્લામાં વરસ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૨૯ :

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર- કચ્છમાં મિશ્ર હવામાનનો માહોલ યથાવત છે અને દરરોજ સાંજના સમયે મેઘરાજા સાર્વત્રિકના બદલે કોઇ - કોઇ જગ્યાએ વરસી જાય છે. ગઇકાલે પણ સાંજના સમયે રાજકોટ, અમરેલી અને જૂનાગઢ જિલ્લાના અમુક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. આજે સવારથી ધુપ-છાંવનો માહોલ યથાવત છે અને પવન પણ ફૂંકાઇ રહ્યો છે. ભાવનગરમાં મોડી રાત્રે વીજળીના કડાકા - ભડાકા અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડયો છે. જિલ્લામાં અર્ધાથી અઢી ઈંચ વરસાદ પડયો છે. ભાવનગર મેઘરાજાએ જાણે મોડી રાત્રે જ બઘડાટી બોલાવવાનું નક્કી કર્યું હોય તેમ રવિવારની મોડી રાત્રી બાદ સોમવારની મોડી રાત્રે પણ વાવાઝોડા અને વીજળી સાથે ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. છેલ્લા બે રાત્રી દરમિયાન તીવ્ર પવન અને વિજળીના કડાકા - ભડાકા સાથે વરસાદ તૂટી પડે છે. જ્યારે દિવસ દરમિયાન વરસાદ પડતો નથી.

(અનુ.પાના નં.૪ ઉપર)

# 'આપ'માં જોડાતા પ્રવિણ રામ



રાજકોટ.તા.૨૯

જન અધિકાર મંચના લડાયક નેતા પ્રવીણ રામે આજે આમ આદમી પાર્ટી (AAP) નો ખેસ ધારણ કર્યો છે. જૂનાગઢના મનોરંજન સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં પ્રવીણ રામે આપનુ ઝાડુ પકડ્યુ છે. દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા સાથેની બેઠક બાદ ગુજરાત પ્રભારી અને સ્થાનિક નેતાઓની હાજરીમાં આંદોલનકારી નેતા પ્રવીણ રામ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. સૌરાષ્ટ્રના યુવા પર પ્રભુત્વ ધરાવતા બીજું મોટું નામ પણ આપ સાથે જોડાયું. પ્રવીણ રામના આપમાં જોડાવાથી સૌરાષ્ટ્રના યુવા મતદારોનો પાર્ટીને લાભ મળી શકશે. જૂનાગઢના મનોરંજન સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં પ્રવીણ રામે આપનુ ઝાડુ પકડ્યુ છે. દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા સાથેની બેઠક બાદ ગુજરાત પ્રભારી અને સ્થાનિક નેતાઓની હાજરીમાં આંદોલનકારી નેતા પ્રવીણ રામ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

# બિનખેતી અરજીમાં મોબાઈલ નંબર લખવાની મનાઈ

### પેન્ડીંગ અરજીઓનો ફટાફટ નિકાલ કરાશેઃ અરજદારોને ધક્કા ખાવા નહીં પડે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

કોરોનાને કારણે બિનખેતી ઓપન હાઉસ છેલ્લા કેટલાક મહિનાઓથી મળી શકયું નથી. બિનખેતી અપીલનાં કેસોની સંખ્યાબંધ ફાઈલો પેન્ડીંગ છે. આવતી કાળે મળનારું બોર્ડ પણ મોકૂફ રખાયું છે. રાજકોટ શહેર જીલ્લામાં રેવન્યુની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે. અધિક કલેકટર પરીમલ પંડ્યાએ જણાવ્યું હતું કે, હવે કોઈ અરજદાર બિનખેતી માટે ફાઈલ મુકે તો અરજીમાં ફોન કે મોબાઈલ નંબર લખવાનો રહેશે નહીં. મોબાઈલ નંબર નહીં લખવાની સ્પષ્ટ સુચના આવી ગઈ છે. બિનખેતીનાં કામ જે અગાઉ પેન્ડીંગ હતા તે અરજદારોને કઈ રીતે બોલાવવા અને અરજીનો કેવી રીતે નિકાલ કરવોતે હવે નક્કી કરવામાં આવશે. અરજીનો ફટાફટ નિકાલ થાય અને અરજદારોને ધક્કા ન ખાવા પડે તેવું આયોજન નવનિયુક્ત રાજકોટ કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા આયોજન કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.
૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.